Summit



# અધ્યાત્મ

વર્ષ : ૧૫ ડીસેમ્બર-૧૯૯૩ અંક : ૩

## * ધ્યાન માટે વાતાવરણની પસંદગી *

અનુકૂળ વાતાવરણની પસંદગી ધ્યાનની સાધનાની શરૂઆતમાં ને મધ્યકાળમાં ખૂબખૂબ જરૂરી છે. પરંતુ ધ્યાન-ની સાધના સહજ થતાં ને તેમાં અમુક ચોક્કસ અવસ્થાએ આવી પહોંચતાં તેની જરૂર રહે છે જ એમ નથી. પછી તો સાધક બધા પ્રકારની પરિસ્થિતિમાં મનની સ્થિરતા, એકાગ્રતા ને શાંતિ અનુભવી શકે છે, ને સહજ રીતે જ આગળ વધે છે. એ અવસ્થા બહુ મોડી મળે છે ને બહુ સહેલાઈથી પ્રાપ્ત થતી નથી. એનો ઉદય અત્યંત આખરે થાય છે. પરંતુ એ અવસ્થા સાચી છે ને સાધનાના વિકાસ-ક્રમમાં આપોઆપ આવી મળે છે એ યાદ રાખવાની જરૂર છે. એ અવસ્થાનો આવિર્ભાવ થતાં સાધક સદાને સારુ સલામત બની જાય છે. બહારની પરિસ્થિતિ તેને પ્રભાવિત નથી કરી શકતી; તેને પથભ્રષ્ટ પણ નથી કરતી; તેના પ્રગતિના પંથ યા પ્રવાસને અધવચ્ચે અટકાવતી નથી. નિંદા ને સ્તુતિ, હર્ષ કે શોક, અનુકૂળ કે પ્રતિકૂળ તેમ જ માન ને અપમાનમાં અડગ રહેવાની ને સમતાને જાળવી રાખવાની તાકાત તેને મળી ગઈ હોય છે. બહારના આઘાતોને તે ઝીલી ને સહેલાઈથી પચાવી શકે છે. હવે તેને બહારની પરિસ્થિતિને દોષ દેવાનું કોઈ કારણ નથી રહેતું. તેની સાથે ઝઘડવાનું કારણ પણ નથી રહેતું. કેટલીક વાર એવું પણ બને છે કે બહારની પરિસ્થિતિ તેની ઈચ્છા ને જરૂરત પ્રમાણે સમય પર આપોઆપ પલટાયા કરે છે. એ પ્રમાણે બધી રીતે જીવનમાં આનંદ આનંદ થઈ જાય છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

¤ **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

¤ **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.

¤ **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.

¤ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧

¤ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧

¤ **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

¤ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.

¤ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

¤ **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

¤ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.

¤ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.

¤ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.

¤ 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

¤ દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| મુ. શ્રી કાલીદાસકાકાને એક ભવ્ય અંજલિ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૧૩ |
| પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના જન્મદિનની ઉજવણી | નારાયણ હ. જાની | ૨૮ |
| પૂ. માનો જન્મોત્સવ | સુરેશભાઇ શાહ | ૩૪ |
| ત્યાગભાવના | ડો. દેવદત્ત જોશી | ૩૬ |
| કરી લેજો ખાતરી | પરમાર્થી | ૩૯ |
| ' હરો ' | ડો. રણજિત પટેલ | ૪૦ |
| પુલકિત થઇએ | મધુરમ્ | ૪૧ |
| મનને શાંત કરવાનો સચોટ ઉપાય | ડો. રમણલાલ જોશી | ૪૨ |
| અમેરિકામાં પૂ. માના જન્મદિનની ઉજવણી | — | ૪૮ |
| પત્ર પ્રસાદી–હિમાલયના પત્રોમાંથી | સુરેશભાઇ શાહ | ૪૯ |
| મનુષ્ય શરીરની મહત્તા | ડો. જે. વી. શાહ | ૫૪ |
| મા આનંદમયી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |


## * અભિનંદનનાં અધિકારી *

અધ્યાત્મનું એ સદ્‌ભાગ્ય રહ્યું છે કે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણા અને હૂંફને લીધે, આજના સતત વધતા રહેતા ભાવોની વચ્ચે પૂ. ગુરુદેવની ભાવના પ્રમાણે સસ્તા દરે એનું પ્રકાશન થતું રહે છે. પૂ. ગુરુદેવની એ ભાવના પૂર્ણ કરવામાં અમેરિકાના સાધક ભાઈબહેનોએ સારો એવો આર્થિક ટેકો આપ્યો છે. તે મુજબ અધ્યાત્મના ડીસેમ્બર '૯૩ ના અંકનો ખર્ચ પણ તેઓ તરફથી મળી રહ્યો છે. તેઓ સહુ તે બદલ અભિનંદનનાં અધિકારી છે. તેઓનું સર્વ પ્રકારે શુભ થાઓ એ પ્રભુને પ્રાર્થના.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૫ ડીસેમ્બર–૧૯૯૩ અંક : ૩


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૪–૩–૮૧, બુધવાર, મહા વદ તેરશ, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

આજે સમયસર પૂ. શ્રી સ્નાન કરી લે છે. પોતાનાં ધોવાનાં કપડાં પોતે જ ગડી વાળીને દરરોજની જેમ વ્યવસ્થિત મૂકી દે છે. આજકાલ પૂ. શ્રી જે ૧॥ મીટરનું ખાદીનું કપડું કમ્મરે વીંટાળ્યું હોય તેનાથી જ શરીર લૂછી નાંખે છે. ટુવાલ વાપરતા નથી. જેથી સામાન્ય રીતે બે જ કપડાં–પૂ. શ્રીનાં ધોવા માટે શ્રી કલ્યાણ લઈ જાય છે. સ્નાનમાં પણ કોઈક વાર જ સાબુનો ઉપયોગ કરે છે.

સ્નાનબાદ માથામાં તેલ જાતે જ ઘસી લે છે. હાથે પગે અને કાન, માથા પર હળવો તેલમાલિશનો હાથ પોતે જ ફેરવી લે છે.



વળી વ્યાયામ–શીર્ષાસન, દંડબેઠક, સર્વાંગાસન, હલાસન વિગેરે બધાં જ આસનો નિયમિત થાય છે.

નવ વાગ્યે દૂધ આવતાં દૂધ પી લે છે. દૂધ પીધા બાદ બે પલંગોની વચ્ચે નીચેના ભાગ ઉપર એક શેત્રંજી ઉપર નાની ગાદી પાથરેલી હોય છે, તેના પર પૂ. શ્રી પલાંઠી વાળીને બેસી જાય છે. પગ ઉપર ઓશીકું ને ઓશીકા ઉપર કાગળો. લેખન-કાર્યમાં છૂટા કાગળોનો ઉપયોગ કરે છે. આવેલી ટપાલોનો પાછલો ભાગ જો કોરો હોય તો એના પર પણ પૂ. શ્રી લેખનકાર્ય કરે છે.

આજકાલ પૂ. શ્રી કાવ્યલેખન જ વધારે કરે છે. લગભગ સાડા દશ સુધી લેખનકાર્ય કરી સહજ આરામ કરે છે. વળી સવાઅગિયાર સુધી પોતાના પલંગ ઉપર જ પલાંઠી વાળી માળા સાથે જપ કરે છે. વડોદરાથી પુસ્તકો મંગાવવા એક પત્ર શ્રી સર્વેશ્વરી પાસે લખાવે છે. બરાબર સાડા અગિયારે પૂ. શ્રી બહાર નીકળે છે.

બહારના મોટા રૂમમાં નાનકડો પલંગ હોય છે. તેના ઉપર પૂ. શ્રી બેસે છે. પાસે જ એક સોફો હોય છે જેના ઉપર સર્વેશ્વરી બેસે છે. આજે શિવરાત્રિને લીધે પૂ. શ્રી સવારે ૧૧॥ થી ૧૨ ની મુલાકાત માટે દર્શનની છૂટ આપે છે. તેથી ૨૦, ૨૫ ભાઈબેનો પૂ. શ્રી પાસે આવીને બેઠાં છે.

આજે પૂ. શ્રી શિવમહિમ્નનો પોતાનો ગુજરાતી કાવ્યાનુવાદ ગાવાની સૂચના કરે છે. શ્રીકલ્યાણ મોરબીમાં આવેલા પૂરમાં બગડેલી બે શિવમહિમ્નની પુસ્તિકા લાવે છે. સૌ ગાય છે. ત્યારબાદ શ્રીકલ્યાણને 'ચઢાવું બિલિપત્ર ના હું'–પૂ. શ્રીનું ગીત ગમી જતાં તે ફાટેલી, વળી ગયેલી પુસ્તિકા પૂ. શ્રીના હાથમાં મૂકે છે. એટલે પૂ. શ્રી ગીત ગાય છે :

'ચઢાવું બિલિપત્ર ના હું.'

ગાતાં ગાતાં પુસ્તિકા વળી ગયેલી છે તે બધી બાજુથી સરખી કરે છે. કહે : "બિલિપત્ર ચઢાવવાની ના નથી પાડી, પણ લેખક કહે છે હું તો શું ચઢાવું? ચોપડી સરખી કરું છું. સરખા જ કરું છું–બધાંને."

પછી પોતાના નવા ગીતસંગ્રહનાં છૂટાં પાનાં મંગાવે છે, જેમાંથી આજે એક પછી એક પાંચ ગીતો ગવડાવે છે. આજે ગીતો ગાવા ને ગવડાવવામાં જ પૂ. શ્રીને આનંદ આવે છે. જેથી કોઇ ખાસ વાર્તાલાપ, પ્રશ્નોત્તરી થતાં નથી. જો કે સૌ આનંદપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લે છે. પાંચ ગીતો આ પ્રમાણે હતાં.

૧. મને દેખી અચરજ થાય, નાવમાં દરિયા ડૂબી જાય.

૨. કોઇ વિરલા ગુરુને જાણે.

૩. કહે નાના બાળકો સાંજે સદા.

૪. તમે ક્યાં ગયા છો? ક્યાં ગયા?

૫ દર્શન અનંત દર્શન, જ્યાં ત્યાં કૃપાનું દર્શન.

પૂ. શ્રીએ પોતાના કંઠે જ એક પછી એક ભજનો ગાવાનો આ કાર્યક્રમ ચાલુ કર્યો. ભજનો પૂરાં થતાં જ સર્વેશ્વરી કહે છે : સાડા બાર ને દસ થઇ છે.

પૂ. શ્રી કહે : "હા, પણ આજે શિવરાત્રિ છે. એમ પણ ફળાહાર જ કરવાનો છે ને?"

સર્વેશ્વરી કહે : "આ તો તમને કહું છું."

અને વળી ભજનની એક જ લીટી ગાઇને અટકી જાય છે. પૂ. શ્રી પ્રસાદ વહેંચવાની સૂચના કરે છે. સૌ પ્રસાદ લઇને વિદાય



થાય છે. શ્રી ચંપકભાઇને વડોદરાથી સુરેન્દ્રનગરનાં પ્રવચનો માટે મંગાવેલાં પુસ્તકોની નોંધ તેમ જ બીજી અગત્યની વાતો કરે છે.

આજે પૂ. શ્રી ફળાહાર કરે છે.

વળી પૂ. શ્રી ફરી વડોદરાવાળા બે ભાઇઓ, શ્રી હરિ અને શ્રી કલ્યાણ સાથે બેઠા છે. તે જ પલંગ છે. સામે ચાર જ શ્રોતાઓ છે ઘડિયાળમાં લગભગ બે વાગવા આવ્યા છે.

પૂ. શ્રી પોતાને પ્રવાસમાં થતા અનુભવોની વાતો કરે છે. એકવાર એક પ્રવચનસ્થળ મંદિર હતું. ઉતારો પણ ત્યાં જ હતો. એ વાત પૂ. શ્રીના શબ્દોમાં જ જોઇએ :

ઉતારા માટે મંદિરના મહંતે એક મોટો ઓરડો બતાવ્યો કહ્યું : "શંકરાચાર્યને આજ ઓરડો ગમે છે. અમે ઓરડો જોયો. પલંગ ખૂબ મોટો, કેમે કરી ખસે નહીં. ગાદલાં ખરાં પણ ચાદર નહીં. એટલી બધી અવ્યવસ્થા કે અમે ઉભા હતાં ત્યાં જ પલંગમાંથી બે માંકડ બહાર નીકળ્યા. ગાદલાં પણ ગંધાતાં કાળાં મેશ જેવાં. ઓશીકામાં એક મોટો–જોવો પણ ન ગમે તેવો તકીયો. મેં પૂછ્યું: ચાદરો? મહંત કહે : જે આવે તે ઉપર ભગવાં કપડાં પાથરીને સૂઇ જાય."

મેં માતાજીને કહ્યું, "બે કલાક જવા દો પછી વાત. મહંત વિદાય થયા. જાજરૂ પણ ખૂબ ગંધાતું. એક સ્ટોપર વિનાનું ને બીજું બારણા વિનાનું–ભલે."

ફરી મહંત આવ્યા. હું નીચે મારી શેત્રંજી પાથરી. બેઠો હતો. મહંતે પૂછ્યું. કેમ પલંગ પર ના બેઠા? મેં કહ્યું; શંકરાચાર્ય જેવા મહાન પવિત્ર પુરુષોના ગાદલાં, પલંગ, કાંઇ વાપરવા યોગ્ય ન ગણાય. મહંત કહે, "બરાબર છે. પણ હવે શું કરશો? મેં કહ્યું :

બીજાં ગાદલાં છે? મહંત કહે : ગાદલાં નથી, પણ નવી રજાઇઓ છે. અને ચાર–ચાર રજાઇઓ નવી મંગાવી આપી. અમે એનો ગાદલાં તરીકે ઉદ્‌ઘાટન કરી ઉપયોગ કર્યો."

"હવે જાજરાની મુશ્કેલી ત્રણેક દિવસ વેઠી. એક દિવસ મહંત મારી પાસે આવ્યા. મને ચાવી આપી કહ્યું : જુઓ! આ ચાવી. સામે નવાં સંડાસો છે. તેની આ ચાવી તમે જ વાપરજો. ફરી તાળું મારીને જ આવવાનું. તમારાં પ્રવચનો સાંભળી મને આ નવા સંડાસની ચાવી આપવાની ઇચ્છા થઇ."

મહાત્મા કાંઇ માનવ થોડા છે! કોઇ મહાત્મા કોઇપણ વસ્તુવિષયમાં સ્વચ્છતા કે સગવડ માંગે તો ઘણા એમ પણ કહેવા લાગે : "જોયા! આ મહાત્મા શોખીન છે. માયામાં પડ્યા લાગે છે. વિગેરે વિગેરે!"

પૂ. શ્રીની વાતો સાંભળી અમે ખૂબ ખૂબ હસ્યાં. પૂ. શ્રીની રજુઆત ખૂબ જ રમૂજ ભરી હતી.

પૂ. શ્રી પોતે ખૂબ સ્વચ્છતા પ્રિય છે ને સગવડોના આગ્રહી છે. પોતાની માંદગી પછી સંડાસ બાથરૂપ પાસે હોય તો સારું એવા ઉતારાનો પૂ. શ્રી આગ્રહ રાખે છે. એ દૃષ્ટિએ સુરેન્દ્ર-નગરમાં પ્રથમવાર પ્રવચનો ગોઠવાઇ રહ્યાં છે ત્યારે ત્યાંનો ઉતારો નીચે સંડાસને ઉપર ઉતારાવાળો છે. તેથી પૂ. શ્રી શ્રી હરિ ને શ્રી કલ્યાણને ત્યાં જઇ પૂરી તપાસ કરવાનું કાર્ય સોંપે છે.

સૌ વિદાય થાય છે. પૂ. શ્રી રૂમમાં આવે છે. બારણાં બંધ થયાં છે. પૂ. શ્રી માતાજીનું સ્મરણ કરતાં કહે છે.

"પ્રવચન અંગે ગમે ત્યાં જવાનું થાય, કોઇ ભાવ બતાવે કે ના બતાવે ત્યાં રહેવાનું થાય, છતાં માતાજી મારી સાથે ખૂબ



શાંતિથી રહેતાં હતાં. બાળપણમાં એમના પિતાજી તો મૃત્યુ પામેલા. લગ્નબાદ સાસરાપક્ષનો ત્રાસ! વિધવા થયાં. મારે મુંબઇ જવાનું થયું. તે દરમ્યાન તેઓએ ઘણું સહન કર્યું. પછી તો મારી સાથે જ રહેવા આવ્યાં. રોટલા ભેગો રોટલો. સારી રીતે રહ્યાં. ત્રીસ–બત્રીસ વરસ રહ્યાં. છેલ્લે જરા દુઃખી રહ્યાં. પણ ઉંમરના પ્રમાણ-માં શરીર ઘણું સ્વસ્થ ગણી શકાય."

આટલી વાતચીત બાદ પૂ. શ્રી પંખા નીચે નાનકડી ગાદી જમીન પર પાથરી છે, તેના પર સૂઇ જાય છે. નાના બાળક જેમ નિર્દોષ આનંદ અવસ્થામાં પૂ. શ્રી આંખ મીંચીને ડાબે પડખે સૂતા છે. ઘડિયાળમાં ત્રણ વાગી ગયા છે.

પૂ. શ્રી પાંચ વાગ્યે ઉઠી જાય છે. ૩ થી ૫ નો સમય આરામનો લાગે, પણ એમાં પૂ. શ્રી પોતાની પ્રાર્થના વિગેરે કરી લે છે. પાંચ વાગે મોં ધોઇ પાણી પીને પોતે લખેલાં નવાં કાવ્યોને સારા અક્ષરે ઉતારવા ફરી પલંગ ઉપર પલાંઠી વાળી પગ ઉપર ઓશીકાનું ટેબલ બનાવી, લેખનકાર્ય શરૂ કરે છે.

પોણા છ વાગે શ્રી હરિ આઇસ્ક્રીમ લઇને આવે છે. પૂ. શ્રી થોડું લે છે. શ્રી હરિને પણ થોડું આપે છે. વળી પાછું ૬.૧૦ સુધી કાવ્યોનું લેખન ચાલુ રાખે છે. બહાર ૐ નમઃ શિવાયની ધૂન શરૂ થાય છે. પૂ. શ્રી સર્વેશ્વરી માને સૂચના આપે છે કે તમે લોકો પાછળથી આવો તો લોકોને ફરી ઉભા થવું પડે છે. એના કરતાં મારી સાથે જ આવતાં હો તો સારું, જેથી આજે સર્વેશ્વરી પણ પૂ. શ્રીની સાથે જ બહાર આવી જાય છે.

૫૦ જેટલાં ભાઇબહેનો આવીને બેઠાં છે. ધૂન ચાલુ છે. પૂ. શ્રી પોતાની સોફા જેવી બેઠક પર બેસે છે. સર્વેશ્વરી એની પાસે

નીચે મૂકેલા એક વ્યવસ્થિત આસન ઉપર નિયમ પ્રમાણે પૂ. શ્રીને પ્રણામ કરીને બેસે છે. પૂ. શ્રીના બેઠા પછી 'અધર્મ જ્યારે પ્રસરે ધરામાં' સ્તુતિ બોલાય છે, જે છાપેલા કાગળ ઉપર હોય છે. ત્યારબાદ બે વિવિધ ધૂનો બોલાય છે. ત્યારબાદ કોઇને કંઇ પૂછવું હોય તો?–એમ પૂ. શ્રીનો સુમધુર સ્પષ્ટ અવાજ સંભળાય છે.

શ્રી હરિ પાસે ઘણા લેખિત પ્રશ્નો શ્રોતાઓ તરફથી આવ્યા છે. શ્રી હરિ આગળ જ બેઠા છે, તેઓ પ્રશ્નો વાંચે છે. અને દર-રોજની જેમ પ્રશ્નોત્તરીનો જ્ઞાનયુક્ત મનોરંજનથી ભરેલો કાર્યક્રમ શરૂ થાય છે.

**પ્રશ્ન :** ક્રિયમાણ કર્મોથી જ સંચિત કર્મ થાય?

**પૂ. શ્રી :** ક્રિયમાણ કર્મો એટલે જ થનારાં કર્મો અને એ ક્રિયમાણ કર્મોથી જ સંચિત કર્મ થાય.

પ્રશ્ન પૂછનાર નોકરી કરે છે? હા,

તો દરરોજનો પગાર મળે છે? ના,

પગાર તો મહિને જ મળે ને?

તો રોજ ક્રિયમાણ (નોકરી) કર્મ કરીએ તો એક મહિના પછી જે પગાર ભેગો થયો હોય તે મળે. તેમ જ કરેલાં કર્મોથી સંચિત કર્મો, બને સમજ્યાં?

**પ્રશ્ન :** પાપમુક્ત થવાની સરળ રીત કઇ? સર્વોત્તમ રીત કઇ?

**પૂ. શ્રી :** જુઓ, હું તો બધું સર્વોત્તમ જ બતાવું છું, કારણ મને સર્વોત્તમ જ ગમે છે. પાપ કરનારે ફરી પાપ ન કરવાનો નિર્ણય કરવો. ફરીવાર એવા સંજોગો ઉભા થાય તો પણ કુકર્મ ન



કરવું, એ વિધિ છે. વળી જે દોષ થયો હોય તેને યાદ કરી પશ્ચાત્તાપ કરો. ને પ્રભુને પ્રાર્થના કરો : પ્રભુ! હું એવો હઠીલો ન બનું. ભૂલો ન થાય તે માટે આત્મજાગૃતિ રાખીશ."

પ્રાર્થના, પશ્ચાત્તાપ ને જાગૃતિ એ સર્વોત્તમ રીત છે. પણ સેકન્ડ કલાસ બીજી રીત પણ છે. મૂકો હજાર, હું જપ કરીશ. જેવી તમારું પાપ ધોવાશે. વળી થોડા દિવસ જાય એટલે મૂકો ૫૦૦ રૂ. ક્રિયામાં દોષ હતો જેથી હું ફરી જપ કરીશ. આમાં જપ કરવામાં પણ પ્રામાણિકતા નથી.

હવે થર્ડ કલાસમાં કરાવી દો–બ્રહ્મભોજન એટલે પાપ ધોવાઇ જશે. યાત્રા કરી આવો એટલે પાપમુક્ત થઇ જશો, પણ આ યાત્રાને બ્રહ્મભોજનથી માનવનાં મન અને સ્વભાવ છે તેમાં પરિવર્તન થતું નથી. એટલે પ્રાર્થના, પશ્ચાત્તાપ ને ફરી ન થાય તે માટે આત્મજાગૃતિ જ ઉત્તમ છે.

પ્રશ્નો બીજા પણ હતા, પણ નોંધને યોગ્ય ન હતા. વચ્ચે પૂ. શ્રી શિવાય નમઃ ની ધૂન બોલાવે છે. તે ભાંગ વિષે વાતો કરે છે. સમય પૂરો થતાં પહેલાં શ્રોતાઓ બે ભજનો સર્વેશ્વરી ગાય એવી વિનંતિ પૂ. શ્રીને કરે છે, જેથી પૂ. શ્રી સર્વેશ્વરીને ભજનો ગાવાનું કહે છે:–

૧. મોહન મેં દીઠો રે મધથી મીઠો,
સંત સ્વરૂપે એક શ્યામ મેં દીઠો,
અમૃતથી યે અદકો,
યોગેશ્વર નામ ધરતો–મોહન મેં દીઠો.

૨. બંધ બારણે ટકોરા મારીને,
શ્યામે મને લીધી સ્વીકારી.

ભજનો બાદ આરતી બોલાય છે. પછી પ્રસાદ લઇ સૌ છૂટા પડે છે.

પૂ. શ્રી થોડીવાર ત્યાં જ ઊભા રહી શ્રી ચંપકભાઇ અને શ્રી રમણભાઇ સાથે થોડી મહત્ત્વની વાતો કરે છે.

આજે સાંજે પૂ. શ્રી ફક્ત દૂધ જ લેનાર છે. તેથી દૂધ વિગેરે પોતાના રૂમમાં જ મૂકવાની સૂચના ચારુબેનને આપે છે. જેથી તેઓ દૂધ મૂકી જાય છે. ગરમી શરૂ થઇ હોવાથી પૂ. શ્રી આજે બહાર નળ નીચે પાછળના ભાગમાં સ્નાન કરવાની ઇચ્છા કરે છે અને સ્નાન કરવા જાય છે. શ્રી હરિ ને શ્રી કલ્યાણનો પરિવાર કાર્યક્રમ પછી પણ સેવા માટે રહે છે તે વિદાય થાય છે.

સ્નાનબાદ પૂ. શ્રી સર્વેશ્વરીને પણ સ્નાન માટેની સૂચના કરે છે. જેથી સર્વેશ્વરી પણ સ્નાન કરી લે છે. સ્નાન બાદ દૂધ પીને પૂ. શ્રી સર્વેશ્વરી સાથે ૧૦ વાગ્યા સુધી ધ્યાનમાં બેસે છે. પછી આરામ હરિઃ ૐ

( ક્રમશઃ )

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



મુ. શ્રી કાલીદાસકાકાને

# એક ભવ્ય અંજલિ

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

**નોંધ :** મુ. શ્રી કાલીદાસકાકા એટલે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પિતાજી. તેઓના જીવનનાં વિવિધ પાસાંઓને ભાઇ શ્રી કલ્યાણે એક વિસ્તૃત લેખમાં સરસ રીતે રજુ કર્યાં છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે આધ્યાત્મિક માણસને સાંસારિક વ્યવહાર સાથે બહુ ઓછું લાગે વળગે. પરંતુ આ માન્યતા ખોટી છે. ખુદ ભગવાન શ્રી કૃષ્ણે ગીતાના બારમા અધ્યાયમાં ભક્તનાં લક્ષણો વર્ણવતાં કહ્યું છે કે સાચો ભક્ત "અનપેક્ષઃ શુચિર્દક્ષઃ" પણ હોવો જોઇએ. મતલબ કે તે કોઇપણ લૌકિક લાભની અપેક્ષા વગર કામ કરનારો, પવિત્ર અને કાર્યકુશળ–પોતાના કામમાં પ્રવીણ હોવો જોઇએ. પછી એ કામ ભલે આધ્યાત્મિક હોય કે વ્યાવહારિક.

મુ. શ્રી કાલીદાસકાકા આવાજ–કોઇપણ લૌકિક લાભની અપેક્ષા વગર, કુશળતાથી કામ કરનાર અનાસક્ત ભક્ત પુરુષ હતા. અનેક લોકહિતની પ્રવૃત્તિઓનાં પ્રણેતા હોવા છતાં તેઓએ જે તે કદી પ્રવૃત્તિઓનાં પ્રતિષ્ઠાભર્યાં પદોપર ચીટકી રહી, ભૌતિક લાભ કે પ્રતિષ્ઠા પ્રાપ્તિની અપેક્ષા રાખી ન હતી. સાચી ધાર્મિકતાની સમજ ને પવિત્રતાના સંસ્કારો એમને વારસાગત મળ્યા હતા. હા, કન્યાકેળવણીની સુધારણા, દેશપ્રેમ, અસ્પૃશ્યતાનિવારણ, આંતર-જાતીય લગ્નપ્રથામાં શ્રદ્ધા, ભક્ત સમાજમાં જન્મ છતાં રામાયણ, ભાગવત્, ભગવદ્ગીતા જેવા ગ્રંથોમાં શરૂથી જ અભિરૂચિ અને સંસ્કૃત ભાષા પ્રત્યેનો તેઓનો પક્ષપાત એમના વ્યક્તિત્વનાં

આગવાં પાસાં હતાં. જનહિતની પ્રવૃત્તિ અને ધાર્મિકતા એમને મન અભિન્ન હતાં. એટલે આવા પવિત્ર ઘરમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી જેવી એક અતિ ઉત્કૃષ્ટ આધ્યાત્મિક ચેતનાનું અવતરણ થયું. પરમશક્તિ શ્રી જગદંબાએ પોતાના પ્રાદુર્ભાવ માટે એ પરિવારને જ કેમ પસંદ કર્યો, તેની પાછળની ભૂમિકા પૂ. શ્રી કાલીદાસકાકાના જીવનને જાણવાથી વધારે સારી રીતે સમજી શકાય છે. એ લેખ થોડો લાંબો છે, પરંતુ રસક્ષતિ ના થાય તે માટે તેને એક સાથેજ અત્રે રજુ કરવાનું ઉચિત માન્યું છે. વાંચકો તે ક્ષમ્ય ગણી સ્વીકારશે, એવી વિનંતિ છે. —તંત્રી

પ્રભુકૃપાથી જીવન તો અનેક જીવો આ પૃથ્વીપર ધારણ કરે છે, પરંતુ તેને અંજલિ સ્વરૂપ બનાવી પ્રભુચરણે કોણ ધરે છે? જીવનધન પ્રાપ્ત તો ઘણા કરે છે પરંતુ એ જીવનધન જો જીવનની દીનતા ફેડી ન શકે તો શા કામનું? કૃતકૃત્યતા ન અનુભવાય એ જીવનની સાર્થકતા શું? ફોરમહીન ફૂલની જેમ જે જીવનમાં સત્વ ન હોય તે શા કામનું? જીવનનો મર્મ તો તેને અંજલિ સ્વરૂપ બનાવવામાં છે. એવા એક અંજલિ સ્વરૂપ જીવનની સુવાસ આપણે અહીં માણવાના છીએ. આપણાં ભક્ત કવિ શ્રી કરશનદાસ માણેક અંજલિ સ્વરૂપ જીવનની સાર્થકતા વર્ણવતા કહ્યું છે.

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો!
દીન–દુખિયાંનાં આંસુ લો'તાં, અંતર કદી ન ધરાજો!
સતની કાંટાળી કેડી પર, પુષ્પ બની પથરાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી, અમૃત ઉરના પાજો!
મારું જીવન અંજલિ થાજો!

આવા અંજલિ સ્વરૂપ જીવનના ઘડવૈયા છે પૂ. કાલીદાસકાકા ગ્રામ્ય પ્રકૃતિના ખોળે જન્મ્યા, એ ધરતીની ધૂળ સાથે મિત્રતા



બાંધી, સાંગોપાંગ એ ગ્રામ્ય સંસ્કૃતિના ધબકાર જીવનમાં ઝીલ્યા! સદાય હરિયાળીથી હસતા કપૂરા ગામમાં સેવાની ધૂણી ધખાવી આસપાસ ચોપાસ સર્વત્ર એ સેવાની સુવાસ પ્રસરાવી. શાંત પણ સત્વમય જીવનની એક આગવી પ્રતિભા તેમણે ઉપસાવી. તેમની સેવાની સુવાસ છેક ગાંધીજી, વિનોબા અને સરદાર વલ્લભભાઇ સુધી પહોંચી. ભણેલા તો ખાસ નહીં, પણ ગણેલા ઘણું. જીવન-પોત એવું તો મજબૂત, કર્મઠ કે કાઠું કાઢી શક્યા! ખેડૂત પુત્ર એટલે ધરતી સાથે આત્મીયતાનો નાતો! ખેતીના વિકાસ માટે તેમણે તનતોડ પ્રયાસો કર્યા. ખેતીમાં જે જે નવાં સંશોધનો થયાં તે તેમણે અપનાવ્યાં. તેમ કરતાં માથે કરજ પણ થઇ ગયું. છતાં હિંમત ન હાર્યા! ખેતીના નવા નવા પ્રયોગો સતત કર્યા કરતા. એમ કરતાં ખેતીને ફળદાયી બનાવી સાધન સંપન્ન બન્યા! આસપાસના ગ્રામ્યપ્રદેશમાં પણ ખેતીના નવા પ્રયોગોનું નિદર્શન કરી સૌને માર્ગદર્શન આપ્યું!

ધીમે ધીમે તેમના જીવનનો વ્યાપ વધતો ગયો. વર્તમાન રાજકારણથી તેમનાં દેશદાઝ અને સેવાના સંસ્કારોને લીધે પોતાની જાતને અલગ રાખી શક્યા નહીં! તેઓ દેશભક્તિથી રંગાયેલા રાષ્ટ્રભક્ત હતા. પૂ. ગાંધીજીની સત્યાગ્રહની પ્રવૃત્તિઓમાં સામેલ થઇ ગયા! એમના મોટા પુત્ર શ્રી વિઠ્ઠલભાઇએ ગાંધીજીને પત્ર લખીને સત્યાગ્રહી બનવાની પરવાનગી પણ મેળવી હતી. આ રાષ્ટ્રભક્તિના સંસ્કાર ઘરમાં એવા પડયા કે વિઠ્ઠલભાઇએ ૧૯૪૧ માં ૧૯ વર્ષની ઉંમરે વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો અને ચાર માસની જેલ સજા પણ ભોગવી. આ સમયમાં તેમનું ઘર દેશનેતાઓ માટે કેન્દ્રસમું બની ગયું હતું. શ્રી સરદાર વલ્લભભાઇ પટેલથી માંડીને અનેક નેતાઓએ એ ઘરનું આતિથ્ય

માણ્યું છે. એમનો દેશપ્રેમ અજોડ હતો. આ પૂ. કાલીદાસકાકાની જીવનસાધના હતી. તેમનો ધર્મ, મંત્ર રાષ્ટ્રભક્તમાં સમાઇ જતાં. આઝાદીની લડત વખતે કપૂરા તો ગાયકવાડી ગામ, પણ રાજ્યની કોંગ્રેસ પ્રજા મંડળમાં જોડાયા અને તેની હૂંફે હૂંફે કોંગ્રેસને ટેકો આપ્યો, બારડોલીના સત્યાગ્રહીઓને કપૂરામાં મહેમાન બનાવ્યા, ગાંધીજી પણ કપૂરા પધાર્યા. પોતાથી બની શકે તેવા કોઇ પ્રયાસો તેમણે દેશ માટે બાકી ન રાખ્યા.

સૌથી પ્યારી છે આઝાદી,
સૌથી છે પ્યારી,
એને કાજે અમે જિંદગી,
સદા રહ્યા ધારી;
મિલકત બધી અમારી,
એના પર જઇએ વારી—સૌથી
ધન—વૈભવ સંપત્તિ સઘળું,
એના પર ઢાળી,
ભલે જિંદગી કદી જઇએ
એ માટે હારી.—સૌથી પ્યારી.

આ તેમનો દેશપ્રેમ હતો! દેશની આઝાદી તેમનો મંત્ર હતો. ભારત દેશ તેમનો ઇષ્ટદેવ હતો, સત્યાગ્રહ તેમની સાધના હતી. અનેક સભાઓ એ ગૃહમંદિરે થતી, ચર્ચાઓ થતી, નિર્ણયો લેવાતા અને દેશને મૂક્ત કરવાના શપથ લઇને અનેક સત્યાગ્રહીઓ રણાંગણે નીકળી પડતા. આ બધાનું પીઠબળ કાલીદાસકાકા હતા.

આખરે દેશ આઝાદ થયો. સૌએ (મુક્તિનો શ્વાસ લીધો. પૂ.



કાકાના અંતરમાં પણ દેશમાટેના પરમપુરુષાર્થની સાર્થકતાની શાંતિ ફરી વળી!

હવે પૂ. કાકાનો જીવનપ્રવાહ બદલાયો. દેશ આઝાદ તો થયો પરંતુ તેને હવે આબાદ કરવાનો હતો. તેઓ હવે તનમનધનથી આઝાદીને આબાદ કરવાના ભગીરથ કાર્યમાં ગૂંથાઇ ગયા! સમાજ સેવાના અનેક ક્ષેત્રે તેમણે આગેવાની લીધી. પૂ. કાકા પોતાની સેવામય પ્રવૃત્તિઓમાં કેવા એક રસ થઇ ગયા હતા તે તેમની જાહેર પ્રવૃત્તિઓના ફલક પર નજર નાખતાં જણાઇ આવે છે.

પૂ. કાકાએ કપૂરાને કર્મભૂમિ બનાવી, દેશસેવાની સાથે સાથે સમાજસેવાની પણ અહાલેક જગાવી છે. ગ્રામોત્થાનના કાર્યક્રમને વેગ આપ્યો છે. સમાજના દરેક સ્તરના લોકો માટે તેમણે કામ કર્યું છે. ખાસ કરીને આ વિસ્તારના આદિવાસીઓના ઉત્થાનમાટે તેમણે જાણે ભેખ ધારણ કર્યો હતો. આદિવાસીઓની શિક્ષણ પ્રવૃત્તિઓમાં એમણે સક્રિય રસ લીધો હતો.

શ્રી વિનોબાજીની ભૂદાન પ્રવૃત્તિને પણ પૂ. કાકાએ મોટો પ્રતિસાદ આપ્યો હતો. વિનોબાજીના ભૂદાન પ્રવૃત્તિના સંદેશવાહક પૂ. શ્રી રવિશંકર મહારાજ જ્યારે કપૂરા પધાર્યા ત્યારે તેમને ભૂમિદાનમાં ૮૫ વીઘા જમીન દાનમાં આપી. ખૂદ શ્રી વિનોબાજી તેમની સેવાકીય પ્રવૃત્તિઓથી આકર્ષાઇ કપૂરા પધાર્યા, ત્યારે તેમને પણ ફરીથી ૧૮ વીઘા જમીન ભૂદાનમાં આપી.

જાહેર સેવાની અનેક પ્રવૃત્તિઓ સાથે જોડાઇને તેઓએ સેવઆની એ સંસ્થાઓને સદ્ધર બનાવી. ખેડૂત સહકારી જીન દ્વારા ગ્રામવિકાસ મંડળ, ગ્રામસેવા સમાજ, ખેડૂત સહકારી જીન

મઢી, અને સુગર ફેક્ટરી મઢી વગેરે સહકારી પ્રવૃત્તિઓનાં તેઓ પ્રણેતા હતા. જંગલ મંડળીઓ કામ કરતી થઈ ત્યારે લાખો રૂપિયાના તેના જામીન થયા, આ રીતે મંડળીઓને કામ કરતી કરવા માટે બહેતર સેવા કરી.

શિક્ષણ તેમની સાધનાનું બીજું પાસું હતું. કેળવણી પ્રત્યે તેમને અપાર લગાવ હતો. શિક્ષણના સંસ્કારો તેમનામાં જન્મ-જાત હતા. પૂ. કાકાનું પ્રાથમિક શિક્ષણ વ્યારામાં ચાલું હતું ત્યારે તેઓ એકાએક એક દિવસ કોઈને પણ ખબર આપ્યા સિવાય સંસ્કૃતના અભ્યાસ માટે બનારસ ચાલી નીકળ્યા. આ પ્રસંગ સંસ્કૃત ભાષા પ્રત્યેનું તેમનું આકર્ષણ કેવું અનેરું હતું તે બતાવે છે. પોતે તો પૂરતું શિક્ષણ ન લઈ શક્યા, પરંતુ બીજાઓ માટે તો તેમણે શિક્ષણનો ભેખ લીધો. આજે આ નાનકડા ગામમાંથી અનેક વિદ્યાર્થીઓ દેશ–વિદેશની ધરતી ખૂંદી વળ્યા છે. આર્થિક તેમ જ ધાર્મિક સંસ્કારોથી સમૃદ્ધ થઈને પૂ. કાકાનો વારસો દીપાવી રહ્યા છે. પૂ. કાકાના શિક્ષણ પ્રત્યેના પ્રેમનો લાભ તેમનાં જ સંતાનો તેમ જ કુટુંબીજનોને સહજ મળ્યો છે. પોતાના સંતાનો ઉપરાંત દૌહિત્રો, ભાણેજોને તેમણે આર્થિક મદદ કરી શિક્ષણક્ષેત્રે ઉજ્જ્વળ કારકીર્દિ અપાવી છે. તેમનાં સુપુત્રી શ્રી સુશીલાબેને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત કર્યો તો વળી પૂ. મા સર્વેશ્વરીએ બી. એ. માં સુવર્ણચંદ્રક ને પારિતોષિક પણ મેળવ્યું. તો વળી પૌત્રી સ્મિતાબેન એડવોકેટ થયાં, તો દોહિત્ર તુલશીભાઈ ખેતીક્ષેત્રે પી.એચ.ડી. થયા. અને પૌત્ર ભાસ્કરભાઈએ એન્જીનીયરીંગ ક્ષેત્રે સર્વોત્તમ શિક્ષણ પ્રાપ્ત કરી જગ પ્રસિદ્ધ સોની કંપનીમાં અમેરિકા ખાતે વાઈસ પ્રેસીડન્ટ બની દાદાનો સંસ્કાર વારસો દીપાવી રહ્યા છે.



આ ઉપરાંત પોતાના ખેતી વ્યવસાયના દરેક ગામે પ્રાથમિક શાળાઓના મકાન બાંધવા અને તે શાળાઓનાં નિભાવ માટે પીપલવાડી, ઘાટ અને કપૂરા ગામમાં જમીનો દાનમાં આપી. વ્યારા કેળવણી મંડળ તેમ જ ઉતર બુનિયાદી વિદ્યાલય દક્ષિણાપથ વ્યારાને પણ તેમણે દાન આપી, પોતાની સેવા પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યું. સાથે સાથે કુદરતી ઉપચાર કેન્દ્ર બારડોલી અને બાજીપુરા કેળવણી મંડળને પણ પોતાની દાનપ્રવૃત્તિઓના સહભાગી બનાવ્યાં. તેમની કેળવણી પ્રત્યેની નિષ્ઠાને લીધે દાનની સરવાણી સતત ચાલુ રહેતી, ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય વાત્સલ્યધામ મઢી તેમ જ વાલોડ ટેકનિકલ એન્જી. કોલેજ તથા વ્યારા કોલેજ હોસ્પીટલને પણ તેમના ઉદારદિલનો લાભ મળ્યો છે.

પૂ. કાકા જે સંસ્કારધનની જાળવણી માટે જીવનભર ઝઝુમ્યા તે સંસ્કારધનને તેમના સુપુત્રોએ પણ દીપાવ્યું છે. હમણાં ગઈ ૨૧ સપ્ટે. ૯૩ ના રોજ તેમના સુપુત્ર વામનભાઈ તથા તેમના વિદેશમાં વસતા પૌત્ર ભાસ્કરભાઈએ સાડા નવ લાખ જેવી માતબર રકમનું દાન આપી વિશાળ પ્રાર્થના હોલ બંધાવી કપૂરાની પ્રાથમિક શાળાને અર્પણ કર્યો છે. આ હોલ ભાવિ વિદ્યાર્થીઓની અનેક સંસ્કાર પોષક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનશે, એમાં કોઈ શંકાને સ્થાન નથી. કપૂરા ગામની કોઈપણ સેવાકીય પ્રવૃત્તિઓ, જે ભવિષ્યમાં થશે તેમને પણ દાન આપવાની તેમના વારસદારોએ જાહેરાત કરી છે. પૂ. કાકાએ શરૂ કરેલી કેળવણીની સંસ્કાર સરવાણી ભાવિમાં ઉત્તરોત્તર વધતી જ રહેશે અને તેના ફળથી સમાજના દરેક સ્તરના લોકો લાભાન્વિત થશે.

પોતાનો ભક્ત સમાજ પણ તેમની આ પ્રેરણા સિંચનની

પ્રવૃત્તિઓથી બાકાત નથી રહ્યો. ભક્ત સમાજના મંદિરોના જીર્ણોદ્ધાર માટે તેમ જ ભક્ત આશ્રમ નવસારીને પણ તેમણે દાન આપ્યું છે. કપૂરા ગામના સરપંચ તાલુકા વિકાસ પ્રમુખ તેમ જ જીનના પ્રમુખ, તાલુકા કોંગ્રેસ પ્રમુખના અને જિલ્લા બોર્ડ સુરતના હોદ્દાઓ પર તેમણે પોતાની સેવાની પ્રવૃત્તિ અવિરત ચાલુ રાખી હતી. તેમની સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ એટલો તો વિસ્તરેલો હતો કે દરેકની નોંધ લેવી અશક્ય બની જાય.

એક પ્રખર દેશપ્રેમી, શિક્ષણભક્ત ઉપરાંત પૂ. કાકા એટલા જ સાચા સમાજ સુધારક હતા. તે સમયના સમાજનાં દૂષણો સામે તેમણે વિરોધનો વંટોળ ઉઠાવ્યો. ખાસ કરીને બાળલગ્નો તેમનાં પુણ્યપ્રકોપનું નિશાન બન્યાં. કોઈની પણ શેહમાં દબાયા વિના, તેમણે બાળલગ્નના દૂષણ સામે ભારે પ્રતિકાર કર્યો. દારૂબંધી માટે પણ કાળા વાવટા ફરકાવીને પીકેટીંગ કર્યું. આંતરજ્ઞાતીય લગ્નોને તેમણે ઉત્તેજન આપ્યું તેથી જ્ઞાતિના આગેવાનો તેમની સામે રોષે ભરાયા અને તેમને જ્ઞાતિબહાર મૂક્યા. પરંતુ તેઓ એ દૂષણ સામે ઝૂક્યા નહીં. વિરોધ સહન કરીને પણ અડગ રહ્યા. તેમની આંતર-જ્ઞાતીય લગ્નની આર્ષદૃષ્ટિ આજે સત્ય ઠરેલી જોઇ શકાય છે. આજે તો ભક્તસમાજ પોતાની જ્ઞાતિબહારની કન્યાઓને પસંદ કરતો થયો છે. પૂ. કાકાની આ હિંમતથી અનેક કન્યાઓનાં ભાવિ ઉજ્જ્વળ બન્યાં છે.

સમાજના દરેક સ્તરનાં લોકોનું તેઓ સન્માન જાળવતા. તેમના મનમાં ઉચ્ચનીચના ભેદભાવોને સ્થાન ન હતું. તેઓ નાનાં મોટા સૌ સાથે સહજતાથી હળીમળી જતા. તેઓ પોતાની જાતને બીજાથી અલગ કે ઉચ્ચ માનતા નહીં. સમાજના દરેક સ્તરના લોકો સાથે તેમને ઘર જેવા સંબંધો હતા. પૂ. કાકા પોતે



ઘોડી રાખતા. તેને પગમાં નાળ જડવા માટે એક મુસ્લિમ વૃદ્ધ દરવરસ નિયમિત આવતો. સૌ તેમને આદરથી નાળબંધકાકા કહેતા. તેઓ જ્યારે આ કામ માટે ઘરે આવતા ત્યારે તેમને પોતાના કુટુંબી જ માનતા. તેમની દરેક જરૂરિયાતોનું ઝીણવટ-પૂર્વક ધ્યાન રાખતા. તેમને ચાપાણી નાસ્તો તો મળતાં જ, પણ જમ્યા વગર તેમને જવા દેતા નહીં. તેમનું પૂરેપૂરું સન્માન જળવાય તે માટે હરપળે કાળજી રાખતાં. તેવી રીતે જંગલ વિસ્તારમાંથી આવતા કોટવાળો ટોપલાં સૂપડાં વિ. બનાવીને વેચવા આવતાં તે બધાને પણ નિરાશ ના કરવા એવો એમનો સ્વભાવ. પરિણામે જરૂર ના હોય તો પણ ખરીદીને તેમને રોજી રોટી ધરી સહાયક થતાં.

વરસો પહેલાં ગામના કુવા ઉપર હરિજન પ્રવેશ કરાવી સૌ પ્રથમ પોતાના જ ઘરમાં હરિજનોને પ્રવેશ અપાવવામાં પણ પૂ. કાકાએ જ સૌ પ્રથમ હિંમત કરી હતી.

આદિવાસી કે હરિજનો સૌનો ન્યાતજાતના ભેદવિના પૂ. કાકાના ઘરમાં સત્કાર થતો. સૌને સરખો આદરભાવ મળતો. સમાજના છેક નીચલા સ્તરના લોકો સાથે એમને આત્મીય સંબંધો હતા. તેથી જ જ્યારે પૂ. કાકાએ વિદેશમાં પોતાનું પાર્થિવ શરીર છોડયું ત્યારે સૌ પ્રથમ શોક વ્યક્ત કરવા આવનારામાં આવા અનેક આત્મીય જનો અશ્રુભીની આંખે પધાર્યા.

પૂ. કાકાના સેવામય જીવનની અંજલિને શબ્દોમાં સમાવી શકાય તેમ નથી. સમાજ અને દેશ આવા સેવાના ભેખધારીઓથી જ ઉજળો રહ્યો છે. બીજા માટે જાતે તન મન ધને ઘસાઈને ઉજળા થયા છે. ઉજ્જ્વળ થવા માટે જાતે ઘસાવું પડે છે. સેવા એ પૂ. કાકાનો ધર્મ હતો. પૂ. કાકાએ ભલે મંદિરો નથી બંધાવ્યા

પરંતુ તેઓએ હાલતાં ચાલતાં માનવ મંદિરોને પ્રતિષ્ઠા અપાવી છે, તેમાં પ્રાણ પૂર્યો છે, તેમને ગૌરવ અપાવ્યું છે, તેઓએ સૌનું કલ્યાણ ઇચ્છ્યું છે, સૌને માટે જીવ્યા છે. તેમના હૃદયના સ્પંદનો-માંથી એક જ નાદ ઉઠે છેઃ–

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ !
સૌનું કરો કલ્યાણ;
નરનારી, પશુ–પક્ષીની સાથે
જીવજંતુનું તમામ... સૌનું.
જગતના વાસી સૌ સુખ ભોગવે,
આનંદે રહી આઠે જામ.
દુનિયામાં દરદ, દુકાળ પડે નહિ;
લડે નહિ કોઇ ગામ... સૌનું.
સર્વે જગે સુખાકારી વધે ને
વળી વધે ધનધાન્ય;
કોઇ કોઇનું બૂરું ન ઇચ્છે;
સૌનું ઇચ્છે કલ્યાણ... સૌનું.

'સૌનું કલ્યાણ' એ પૂ. કાકાનો જીવનમંત્ર હતો. એમને જીવનમાં પોતાનું અંગત કંઇ ન હતું. જીવનની એકે એક ક્ષણનો ઉપયોગ પરાર્થે કર્યો છે. પારકા કે પોતાના એવો ભેદ તેમણે કદી પાડ્યો નથી.

પૂ. કાકા સ્વભાવે, દેખાવે, વ્યવહારે સીધા, સાદા, સરળ લાગતા. મોટા જમીનદાર હોવા છતાં તેમના સ્વભાવમાં શ્રીમંતાઇ વર્તાતી નહીં, તેઓ સાવ નિરાડંબરી અને નિરાભિમાની હતા. ઘરમાં ચરખો રાખતા, પોતાની માતા જમનાબાએ કાંતેલાં સુતરના



ધોતીયું, ઝભ્ભો પહેરતા. ભાષા પણ આદિવાસીઓની બોલતા. સ્થાનિક ગામીત અને ચૌધરી ભાષા તેના અસલિયત લ્હેકા સાથે તેમના હાવભાવમાં ભળી ગઇ હતી. તેઓ સમાજના સાવ સામાન્ય જન સાથે એવા ઓતપ્રોત થઇ ગયા હતા કે તેમને બીજાથી જુદા તારવી શકાતા નહીં. ભક્તિના પ્રતાપે જેમ ભક્ત ભગવાનમય બની જાય તેમ પૂ. કાકા પોતાની સેવાભક્તિ દ્વારા પોતાના ભગવાન દરિદ્ર નારાયણના દાસ બની ગયા હતા ! જીવન ધારણ કરીને જીવનસંદેશ આપી ગયા !

જીવન હો તો હો એવું !
બીજાના જીવનને હરદમ પ્રકાશ ધરનારું,
શાંત થઇને અન્ય જનોને પ્રશાંત કરનારું;
ઉન્નત કરે અન્યને ત્યારે શોભે તે કેવું !–જીવન.
અનાથનો આધાર બને, તે તમતણી છાયા,
મૈત્રી રાખી સર્વ પર છતાં કરે નહીં માયા;
મુક્ત થઇને મુક્ત કરે એ જીવન મધુ જેવું.–જીવન.
પીડે ના કોઇને દુભવે, મંગલમય તે હો,
સત્ય ન્યાય નીતિ ન છોડે, આલિંગે સૌકો;
તરુવરસમ એની છાયામાં ગમે પડી રે'વું.–જીવન.

પૂ. કાકામાં જીવનની અખિલાઇ હતી ! પૂર્ણ વિકસેલું કમળ જેમ પોતે તો સુંદર લાગે જ પરંતુ સરોવરની શોભા પણ વધારે તેમ પૂ. કાકાએ પોતાનો જીવનપાંદડીઓનો સર્વતોમુખી વિકાસ સાધી જીવનને તો અનેરી સુંદરતા આપી સાથે સાથે પોતે જે સમાજસરોવરમાં ખીલ્યા તે સમાજને પણ સુંદરતા બક્ષી. પૂ. કાકાનું બહારનું જીવન તેમના અંદરના જીવનની પ્રતિકૃતિ સમું હતું.

અધ્યાત્મ જીવનના અનુરાગ વિના બાહ્ય જીવનનો ઠાઠમાઠ માત્ર દેખાવ જ રહે છે. તેને જીવનની સુંદરતા પ્રાપ્ત થતી નથી. જીવનની ભવ્યતા તેજ સર્જી શકે છે કે જે જીવનમાં દિવ્યતાની આભા હોય! પૂ. કાકામાં જે કંઇ જીવનસત્વ જોઇ શકાય છે. તે તેમની આત્મશ્રદ્ધાની આસ્થાને આભારી છે. તેમના જીવનમાં ડોકિયું કરીએ તો ત્યાં આત્મશ્રદ્ધાનો દીપ પૂ. ગાંધીજીની જેમ અખંડ પ્રકાશી રહ્યો છે.

સાંજ સવાર એ ગૃહમંદિરમાં દરરોજ નિયમિત પ્રાર્થના સમૂહમાં થતી–પ્રાર્થના પછી નિયમિત પૂ. કાકા પોતાના મધુરકંઠે શ્રી તુલસીદાસ, મીરાં, કબીર, સુરદાસ, નાનકનાં આશ્રમભજનાવલિનાં પદો ગાતા ને ગવડાવતા. પોતે કબીરપંથી હોવા છતાં વરસો સુધી નિયમિત સવારે આર્યસમાજની હવનની પવિત્ર પદ્ધતિથી અગ્નિદેવની ઉપાસના કરતા. વળી ભગવાન શ્રી રામ પ્રત્યે એમની અદ્‌ભુત ભક્તિ જેથી દરરોજ સાંજે પ્રાર્થના પછી પોતાના બાળકોને પાસે બેસાડી રામાયણ શીખવતા. ચોપાઇઓ ખૂબ સરસ રીતે ગાઇ શકતા. જીવનના અંતિમ વર્ષ સુધી દર ચૈત્રમાસમાં તુલસીકૃત રામચરિતમાનસના નવાન્ન પારાયણ કરી ભગવાન શ્રી રામને પોતાની પૂજા એ રીતે અર્પણ કરતા. વળી દર ચોમાસામાં વરસો સુધી ભાગવતનું પારાયણ પણ થતું. દરરોજ સવારે સંસ્કૃત શ્લોકોથી પ્રાર્થના કરી શ્રી વિષ્ણુસહસ્ર નામનો સંસ્કૃત પાઠ તથા ૐ નમો ભગવતે વાસુદેવાય મંત્રજાપની માળા પણ નિયમિત વ્યક્તિગત રીતે કરતા. જાણે અધ્યાત્મ સંસ્કારોનું અનુષ્ઠાન એમના ગૃહમંદિરમાં જીવનભર ચાલ્યું.

આધ્યાત્મિક જીવનનો વ્યવહારમાં પણ પડઘો પડતો હતો.



સચ્ચાઇ, પ્રામાણિકતા, નીતિ, નિષ્ઠા કપરા સંજોગોમાં પણ પૂ. કાકાએ છોડયાં ન હતાં.

અધ્યાત્મ ક્ષેત્રે પૂ. કાકાનું સૌથી મહાન અને ઉજ્જ્વળ પ્રદાન પૂ. મા સર્વેશ્વરીનું એ ગૃહમંદિરમાં પ્રાકટ્ય છે. પૂ. માએ આ પૃથ્વીપર અવતરિત થવા માટે પૂ. કાલીદાસ કાકાના ભક્ત કુટુંબને પસંદ કર્યું તે જ પૂ. કાકાના સંસ્કારધનની સાચી યશકલગી છે. પૂ. માનું અવતરણ કોઇ સાધારણ વાત નથી. જે પુરુષ પરમ સંસ્કારોની જાળવણી માટે ભગીરથ પુરુષાર્થ કરી શકે તે જ પરમશક્તિની પ્રેમમય માતૃસ્વરૂપને આ ધરતીપર ખેંચી લાવવા માટે નિમિત્ત બની શકે, અવતરિત થવા માટે પ્રસન્ન કરી શકે. પૂ. મા તે પાવન ગૃહસ્થાશ્રમમાં પધાર્યાં તેનાથી વિશેષ કૃતકૃત્યતા બીજી શું હોઇ શકે? જીવનની ધન્યતા માટે હવે બીજું શું મેળવવાનું બાકી રહે? પૂ. માનું પ્રાકટ્ય એ પરમ સંતોષની પરીસીમા છે. શ્રી કાકા કાલેલકર કહે છે તેમ "ગંગાએ બીજુ કંઇ ન કર્યું હોત અને ફક્ત દેવવ્રત ભીષ્મને જન્મ આપ્યો હોત તો પણ તે આર્યજાતિના માતૃત્વ માટે યોગ્ય ગણાત!" એ રીતે પૂ. કાકાએ કદાચ રાજકીય, સામાજીક અને કેળવણી ક્ષેત્રે જે ભવ્ય વારસો આપ્યો છે તે ઇતિહાસને બે ઘડી ભૂલી જઇએ તો પણ પૂ. માના એ ગૃહમંદિરમાં પ્રાકટ્યની સાર્થકતાને યુગો સુધી આ જનસમાજ વિસરી શકશે નહીં. પૂ. મા એટલે પરમપ્રેમનું પ્રકટ સ્વરૂપ! પૂ. માનું પરમ વાત્સલ્ય, ઉત્કટ ગુરુભક્તિ, વજ્રજેવું અપરાજિત મનોબળ, બ્રહ્મચર્ય, સેવાની તમન્ના, સંપૂર્ણ સમર્પણ, નિઃસ્પૃહ, નિરાસક્ત અને નિઃસ્વાર્થ મનોજગત એટલે આત્મિક વૈભવનું વિશ્વરૂપદર્શન! પૂ. માના પરમ જીવન ઇતિહાસને જગત ભૂલવા માગશે તો પણ ભૂલી શકશે નહિ. એટલે પૂ. કાકાએ શંકર

બનીને પરાશક્તિને ઝીલવાનું જે સામર્થ્ય બતાવ્યું છે તે જ તેમની મહાનતાની પારાશીશી છે.

પૂ. કાલીદાસકાકા ખરેખર સંસ્કારવડ સમા હતા. એ વિશાળ વડલાની છત્રછાયામાં અનેકને આશરો મળ્યો. અનેક ત્યાં જીવન વિરામ પામ્યા અને એ પ્રેરણા પરબનું પિયૂષ પાન કરી જીવનને સંસ્કારોથી સમૃદ્ધ કર્યું.

પૂ. કાકાના સંસ્કાર વારસાને તેમના વારસદારોએ દીપાવ્યો છે. શ્રી વિઠ્ઠલભાઈ, વામનભાઈ, શારદાબેન, સુશીલાબેન, સાવિત્રીબેન એ સંસ્કારવડની સમૃદ્ધ વડવાઈઓ છતાં સૌએ પોતપોતાની આગવી પ્રતિભાઓ વિકસાવીને જીવનની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. પૂ. માએ તો માતાપિતાના સંસ્કારોને જ ફક્ત ઉજ્જ્વળ નથી કર્યા પરંતુ આત્મિક સાધનાની પરમોજ્જ્વલ અવસ્થા પર આસીન થઈને તેમનો આત્મિક ઉદ્ધાર પણ કર્યો છે. જીવનને નખશિશ પવિત્ર બનાવીને પિતૃતર્પણ કર્યું છે. માતા-પિતાના અગણિત આશીર્વાદ આપોઆપ અંતરમાંથી વરસીપડે એવું સૌને આત્મિક કલ્યાણના પંથે વાળવાનું સત્કાર્ય કરી શ્રદ્ધા-પૂર્વકનું શ્રાદ્ધ પૂ. માએ કર્યું છે.

આ બધું જ શ્રેય પૂ. કાકાને ફાળે જાય છે. તેઓ આ જન-કલ્યાણયજ્ઞના યજ્ઞપુરુષ છે. તેમનાં યજમાનપદે આ વિરાટ જનકલ્યાણ યજ્ઞ મંડાયો છે. તેમાં અનેકનો ઉદ્ધાર થયો છે, થઈ રહ્યો છે અને થતો રહેશે! તેમની આતિથ્ય ભાવના તો કેમ વિસરાય! દેવો તો ઠીક પણ ખૂદ પરમ વાત્સલ્યમયી પ્રેમસ્વરૂપા પૂ. મા પણ પૂ. કાકાનું આથિત્ય માણવા પ્રસન્ન થઈ ઉઠે એ આશ્ચર્યકારક ગણાયને? પૂ. કાકાની આ ભાવનાને પ્રતાપે અનેક ભૂખ્યા જનોના જઠરાગ્નિ એ ગૃહમંદિરે તૃપ્ત થયા છે.



તા. ૨૩ ઓક્ટો. ૮૫ ના રોજ પૂ. કાલીદાસકાકાએ પુત્રી અને પૌત્રની હાજરીમાં અમેરિકામાં જીવનલીલા સંકેલી પરંતુ જે જીવનસંધ્યા સત્કાર્યોની રંગોળીથી સોહી ઉઠી હોય તેને કોણ અસ્ત કરી શકે?

કેવો પરમ સંતોષનો પુણ્ય પ્રવાહ એ જીવનગંગોત્રીમાંથી પ્રકટયો છે? કેવો જીવન તૃપ્તિનો ઓડકાર એ અંતરમાંથી ઉઠ્યો છે? કોઈના ઉરમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત કરવું એ કંઈ નાની-સૂની સાધના નથી. આથી વિશેષ જીવન સાર્થક્ય બીજું શું હોઈ શકે?

સામ્રાજ્ય સ્વપ્ને પણ ના ચહું હું,
સામ્રાજ્યને શાશ્વત કિન્તુ સ્નેહનું
પામી મહાવૈભવમાં સદા ફરું,
સિંહાસને લેશ વિરાજવાનું
સૌભાગ્ય કોઈ ઉરમાં મળે તો
સાર્થક્ય આ જીવનનું ગાણું.

## પૂ. યોગેશ્વરજીના પત્રોની ઝેરોક્ષ નકલ મોકલો

મહાત્મા શ્રી યોગેશ્વરજીએ જે કોઈ ભાઈબેન ઉપર પત્રો લખ્યા હોય તે પત્રની ઝેરોક્ષ કોપી નીચેના સરનામે મોકલવી.

પૂ. શ્રીના પત્ર સાહિત્યનો ગ્રંથ તૈયાર કરવામાં આપ જરૂર સહકાર આપશો.

મા સર્વેશ્વરી
C/o. જીતુભાઈ ગાંધી
૫૫/૧ અરૂણોદય સોસાયટી, અલકાપૂરી, વડોદરા–૩૯૦૦૦૫

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના

# જન્મદિનની ઉજવણી

નારાયણ હ. જાની

ચાર દિવસની બાજી,
જીવન ચાર દિવસની બાજી
ધર્મ વળી શુભકર્મ કરી લે,
ચાર દિવસની બાજી... જીવન.
મોટા મોટા પંડિત ચાલ્યા,
ચાલ્યા મુલ્લા કાજી
હુકમદાર ચાલ્યા ને ચાલ્યા
કરનારા એ હાજી... જીવન. — યોગેશ્વરજી

પોતાના એકાવનમા જન્મદિન નિમિત્તે સાધકોને સંદેશ આપતાં પૂ. મા શ્રી સર્વેશ્વરીએ પ. પૂ. યોગેશ્વર રચિત ઉપરોક્ત ભજનની પંક્તિઓ સંભળાવી ઉમેર્યું હતું કે દરેક માણસે સમજી લેવું જોઇએ કે જીવન ક્ષણભંગુર છે. મૃત્યુ નામનો અતિથિ–વહેલા કે મોડા, દરેક જન્મનારના દ્વારે આવીને એક દિવસ ઊભો થઇ જાય છે. તે આવે તે પહેલાં માણસે ચેતી જઇને પ્રભુપ્રાપ્તિનું ધ્યેય હાંસલ કરી લેવું જોઇએ. ધર્મ અને શુભ કર્મો કરીને પોતાનું અને બીજાઓનું આત્મકલ્યાણ સધાય તે માટે પુરુષાર્થ કરી લેવો જોઇએ.

જીવનની હરપળ કેટલી બધી કિમતી છે, તેનું મહત્ત્વ દર્શાવતાં પૂ. શ્રી યોગેશ્વરજીના બીજાં એક પદને તેઓએ પોતાના



સુરીલા કંઠે, તાલબદ્ધ રીતે ગાઈ સંભળાવ્યું. આ રહી એ પદની પંક્તિઓ :

વેળા વીતી જાયે
તારી વેળા વીતી જાયે,
વીતે તે પહેલાં ચેતી લે
જોજે મોડું થાયે.
વેળા વીતી જાયે,
તારી વેળા વીતી જાયે.

શ્રીમતી સુશીલાબેન ભક્ત અને પૂર્ણિમાબેન પટેલે મધુર સૂર પૂરીને એમાં સાથ ધર્યો.

પૂ. માના તપ પવિત્ર બુલંદ કંઠના મીઠા પડઘાઓથી સમગ્ર વાતાવરણ છવાઇ ગયું. ખીચોખીચ ભરાયેલ અરૂણોદય હોલનો સમગ્ર શ્રોતાવર્ગ આ ભજનના ભાવમાં પોતાનું અસ્તિત્વ ભૂલી પૂ. માના ગુંજનમાં સૂર પૂરાવા લાગ્યો. કેવું અદ્‌ભુત હતું એ દૃશ્ય!

પૂ. મા કહે, મનુષ્ય જીવનની અતિ કિંમતી પળો નિરર્થક વહી જતી હોય છે. જે સુઅવસર માણસને પ્રાપ્ત થયો છે; તે પૂરો થઇ જાય તે પહેલાં માણસે જાગ્રત બનીને પોતાનું આત્મકલ્યાણ સાધી લેવું જોઇએ. તે માટે પોતાની જાતને નિયમબદ્ધ કરવી જોઇએ અને જોતા રહેવું જોઇએ. જીવનના સાચા ધ્યેયની દિશામાં કેટલું આગળ વધાઇ રહ્યું છે. જે ગાફેલ છે, તે આવો ઉત્તમ અવસર નિરર્થક કાર્યોમાં અને ઈન્દ્રિયોનાં સુખોમાં વેડફી નાખી; આખરે પસ્તાય છે. વળી પૂ. માએ પૂ. મોટાના જીવનનો એક સરસ પ્રસંગ વર્ણવતાં કહ્યું, "પૂ. મોટાને એકવાર પોતાની સાધનામાં કોઇ ગૂંચ

ઊભી થઇ. તેમને થયું લાવ ગુરુદેવ પાસે જાઉં. પરંતુ તેઓ તો રમતારામ, ક્યાં શોધવા? તે દિવસોમાં હરિદ્વારમાં કુંભમેળો ભરાવાનો હતો. તેથી થયું, ચાલો ગુરુદેવ ત્યાં જરૂરથી મળી જશે. તેથી પૂ. મોટા હરિદ્વાર ઉપડયા. સાથે મનમાં સંકલ્પ કર્યો કે ગુરુદેવ ના મળે ત્યાં સુધી ભોજન ના કરવું. હવે હરિદ્વાર પહોંચી ચાર દિવસની ખૂબ શોધખોળ પછી નજીકની માનવમેદનીમાં અચાનક ગુરુદેવ મળી ગયા! તેમને જોતાં જ પૂ. મોટાને ખૂબ જ આનંદ થઇ ગયો! તેઓ એકદમ બોલી ઊઠયા! "અરે, ગુરુદેવ, તમે આટલા બધા નજીક હતા, તો મને આટલા દિવસ મળ્યા કેમ નહિ?"

ગુરુદેવે હસતાં હસતાં કહ્યું, "હું તો તને જોતો હતો."

"તો મને બોલાવ્યો કેમ નહિ?"

ગુરુદેવે કહ્યું, "બોલાવવાનું કામ મારું નહિ, પણ તારું. તારે જરૂર હતી તો મને શોધીને બોલાવવો જોઇએ, ખરું કે નહિ?"

આ પછી પૂ. માએ ઉમેર્યું, પ્રભુ તો આપણને હંમેશાં પેલા ગુરુદેવની જેમ જોતા રહે છે. પરંતુ તેમને શોધીને બોલાવવાની ફરજ આપણી છે. ભક્તની છે, ભગવાનની નહિ.

પછી પોતાના સત્તર દિવસના એકધારા મૌનની મસ્તીની ઝાંખી કરાવતાં પૂ. માએ કહ્યું—મૌન એ વાણીનું તપ માત્ર નથી. પણ તેનાથી માણસની ઘણી બધી કારણ વગર વેડફાઇ જતી શક્તિઓનો બચાવ થાય છે. તેની મોજ અનેરી છે. દિવસના થોડા કલાકો કે અઠવાડિયે એકાદ દિવસ મૌન રાખી જુઓ. એનો આનંદ અનેરો છે. એ આનંદ લૂંટયાં પછી ફરી પાછા વ્યાવહારિક જગતમાં પ્રવૃત્તિ કરવા અમારે મનને પરાણે ખેંચી નીચે લાવવું પડે છે.



ઉત્સવોની ઉજવણીઓનો ઉલ્લેખ કરી તેઓએ કહ્યું કે વરસમાં પૂ. શ્રી કે અમારો જન્મદિન ઉજવ્યો કે તેઓની જય બોલાવી એટલે પતી ગયું એમ ના માનતા. જીવનમાં નવા સરસ નિયમો લો, સાધના કરો. જીવન ઉજ્જ્વળ બને તેવો કાર્યક્રમ બનાવો. બે વર્ષ સુધી ભલે આવા જાહેર ઉત્સવો ના થાય. પૂ. યોગેશ્વરજી જેવા મહાન સાક્ષાત્કારી સમર્થ સંતનો આપણ સહુને પ્રત્યક્ષ પરિચય થયો છે, આપણે એ મહાપુરુષનું જીવન જોયું છે, તેઓનો સંદેશો અને સદુપદેશ સાંભળ્યો છે, પછી આ જીવનમાં કંઇ પણ પ્રાપ્ત કર્યા વિના વિદાય થઇ જઇએ, તો આપણા જેવા કમભાગી કોણ?

પ્રભુને પામવાનો એક સરળ કીમિયો બતાવતાં પૂ. માએ ઉમેર્યું કે સંત તુકારામે એક ઠેકાણે કહ્યું છે કે મેં વિઠ્ઠલનો મસાલો બનાવી હરેક વાનગીમાં તેને ભેળવી દીધા છે. એટલે તો મને તેમનો સ્વાદ દરેક ભોજનમાં મળતો રહે છે. તે પ્રમાણે તમે પણ તમારી હર પ્રવૃત્તિ સાથે પ્રભુને જોડી દો. જેથી એની યાદ તમોને હર વખતે આવતી રહે. પરંતુ મુશ્કેલી એ છે કે આપણે પ્રભુ સિવાય બીજાઓની યાદીને આપણી પ્રવૃત્તિઓ સાથે ભેળવતા રહીએ છીએ. પરિણામે આપણે પ્રભુથી દૂર રહી જઇએ છીએ.

દસ વર્ષના એકધારા ઉપવાસો છતાં પૂ. માની વાણીમાં આજે એવું ઓજસ્ હતું કે ના પૂછો વાત. એમનો જુસ્સો પણ જોવા જેવો હતો. પૂ. માને એ વાતનું દુઃખ જણાતું હતું કે લોકો સાંભળે છે ઘણું, પરંતુ જીવનમાં કરતા કશું નથી. એથી જીવનમાં જીવવાનો જે સાચો આનંદ આવવો જોઇએ તેનાથી તેઓ વંચિત રહી જાય છે. એટલે જ તેઓએ વારંવાર 'વેળા વીતી જાયે તારી' એ પૂ. શ્રીના પદની પંક્તિઓ ઉપર ભાર મૂક્યો.

આ સમગ્ર કાર્યક્રમની વિશેષતા એ રહી કે પૂ. માએ સાધના દરમ્યાન પોતાને થઇ રહેલા પૂ. યોગેશ્વરજીના પ્રત્યક્ષ અનુભવોની સ્પષ્ટ જાહેરાત પણ કરી. તેઓએ જણાવ્યું કે આટલા લાંબા સમય સુધી પ્રક્ષ અનુભૂતિઓને લીધે જ સાધક આ માર્ગમાં ટકી શકે છે. તમો સહુને પણ પૂ. શ્રી જેવા સમર્થ સંતનો જીવનમાં મેળાપ થયો જ છે, તો તેનો ઉપયોગ કરીને આધ્યાત્મિક ક્ષેત્રે કાંઇક પ્રાપ્ત કરી લો. તમો સહુ તેનાથી વંચિત રહી જાઓ તે ઉચિત નથી. માટે જાગ્રત બની સાધન–ભજનમાં લાગી જાઓ–એ પૂ. માનો મહત્ત્વનો સંદેશ હતો.

પૂ. મા એકધારું પોણા બે કલાક બોલ્યાં. આજે તેઓને પાણી વગરનો ઉપવાસ હતો. છતાં કંઠની બુલંદતા અદ્‌ભુત હતી. શરીર દૂબળું થયા છતાં, તેમાં ક્યાંય કમજોરી વરતાતી ના હતી. આત્મિક શક્તિ કેવી હોઇ શકે, તેનું પ્રકટ દર્શન પૂ. માના જીવનમાં થાય છે.

પૂ. માનો જન્મદિવસ તો ૧૩ મી નવેમ્બરનો પરંતુ તે દિવસે પૂ. માને મૌન હોવાથી તા. ૧૮ મી નવેમ્બરે આ દિનની ઉજવણી રાખી હતી જેથી સાધકો નવા વર્ષમાં પૂ. માનાં દર્શન પામી શકે. તેમ જ પૂ. મા પ્રતિ જન્મદિનની શુભકામનાઓ વ્યક્ત કરી શકે. પૂ. મા જ્યારે અરુણોદય હોલમાં પધાર્યાં ત્યારે ૫૦ દીપો પ્રકટાવી તેઓનું સ્વાગત કરવામાં આવ્યું. તેનો ઉલ્લેખ કરી પૂ. માએ કહ્યું, “જીવનનું હર વર્ષ એક દીપ જેવું પ્રકાશિત બની જાય તો કેવું સારું ?

સાધકોને સંયમ અને શિસ્તના પાઠ શીખવવા પૂ. માએ ઉત્સવના આયોજક શ્રી જીતુભાઇ ગાંધીને ખાસ સૂચના આપેલી કે, જેઓ બહારગામથી આવેલા છે તેમને જ ભોજન આપો. સ્થાનિક સાધકો પોતાનો પ્રબંધ સરળતાથી કરી શકે. ભલે એટલો સંયમ ને ભૂખ સહન કરતાં શીખે.



પૂ. માના આ જન્મદિનની ઉજવણીનું સઘળું આયોજન અને ભોજનની વ્યવસ્થા શ્રી જીતુભાઇ ગાંધી તરફથી કરવામાં આવી હતી. અરુણોદય હોલ સારી રીતે ફૂલોથી શણગારવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન શ્રી વિજયસિંહ રાણાએ કર્યું હતું. તેઓએ શરૂથી જ સાધકોને સંપૂર્ણ શિસ્ત અને શાન્તિ જાળવવા અપીલ કરી હતી. તેમ જ પૂ. મા કે ગુરુદેવની જય ના બોલાવવા ખાસ સૂચના આપી હતી. તેઓનાં પત્ની શ્રીમતી કુન્દનબેન રાણાએ સહુ સાધકો વતી પૂ. માના જન્મદિન નિમિત્તે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી, જ્યારે પૂ. માનું સ્વાગત ફૂલહારથી શ્રી ભરત ગાંધી અને એનાં પત્નીએ કર્યું હતું.

શ્રીમતી સુશીલાબેન ભક્ત અને શ્રી પૂર્ણિમાબેન પટેલે સુંદર ભજનો રજુ કર્યાં હતાં જ્યારે પંદર મિનિટની ધૂન અને પૂ. શ્રીનાં ટેપ પ્રવચન પણ રજુ કરવામાં આવ્યાં હતાં. પ્રવચનનો વિષય પૂ. મા શ્રી સર્વેશ્વરીનો ત્યાગ અને ભગવાન ભક્તનું યોગક્ષેમ કેવી અદ્‌ભુત રીતે ચલાવે છે, એ હતો. સ્વરૂચિ ભોજનની સરસ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી.

સતત એકાંતવાસ અને મૌનને લીધે ઉપરામિત થઇ ગયેલ પૂ. મા ફક્ત કેસેટોના બીજા સેટના ઉદ્‌ઘાટન નિમિત્તે જ સાધકો વચ્ચે આવવા સંમત થયાં હતાં. આજે વેચાણમાં મૂકાયેલ ૧૦ કેસેટોના સેટમાં પૂ. માના સુરીલા કંઠે ગવાયેલ સરલગીતાનો સમાવેશ થતો હતો. ભાવિક ભક્તોએ ૫૦૦ જેટલા સેટો ઉત્સાહભેર ખરીદી, પૂ. માની અપીલને સરસ દાદ આપી હતી. □

# પૂ. માનો જન્મોત્સવ

શ્રી સુરેશભાઇ શાહ (ટોરોન્ટો-કેનેડા)

પૂ. 'મા' એટલે અવનિનું અમૃત, સ્નેહ અને ઔદાર્યનો ખજાનો. પ્રેમ અને લાગણીનો ભંડાર, ભક્તિ અને સમર્પણની થાપણ. ૧૩ મી નવેમ્બર, પૂ. માનો જન્મદિવસ અને દીપોત્સવી-નો તહેવાર. માનવજાત માટે ખાસ કરીને આધ્યાત્મિક જગત માટે સંદેશો લાવે છે કે સંસારમાં થતાં વિજળીના રંગબેરંગી દીવા તથા કોડિયાના દીવાનો ઝળહળતો પ્રકાશ એક બે દિવસ અજ-વાળું આપી માત્ર સુશોભનમાં જ વૃદ્ધિ કરે છે, પણ પૂ. માએ તો અંતરના કોડિયામાં, આત્માની દીવેટ કરી શ્રદ્ધાનું તેલ પૂરી ભક્તિ અને સમર્પણની જ્યોત જગાવી છે જેથી આત્મોન્નતિના પથ પર પ્રવાસ કરનાર દરેક યાત્રીને તે પથપ્રદર્શન પૂરું પાડે છે અને માનવજાત માટે કરેલો આ યજ્ઞ હજુ ચાલુ જ છે.

મહાપુરુષોનો જન્મદિવસ તિથિ કે તારીખે મર્યાદિત નથી. વૃક્ષ જેમ તેની છાયાનો હિસાબ રાખતું નથી, નદી તેના નિર્મળ જળથી સૌને પાવન કરે છે અને વાદળ પૂર્વગ્રહ રહિત સર્વસ્થળે વર્ષા વરસાવે છે તેમ, પૂ. મા પણ સૌ પ્રત્યે સમાન પ્રેમભાવ રાખે છે. સૌને આધ્યાત્મિક માર્ગે વાળે છે અને પૂ. શ્રીનાં કાર્યો પોતાના પ્રાણની બાજી ખેલીને પણ આગળ ધપાવે છે. તેવાં કલ્યાણકારી, પ્રિયદર્શિની માતાનો એક એક શ્વાસ આધ્યાત્મિક જગત માટે નૂતન પ્રેરણા આપનારો છે. પૂ. માના જીવનનો દરેક દિવસ તેમનો જન્મદિવસ છે. સંસારમાં કદાચ હિટલર ફરીથી જન્મ લે, મુસોલિની કે સિકંદર જેવા પરાક્રમી પુરુષો કદાચિત્ જગતને મળે, પણ પૂ. મા કે જેમનું અવનિ ઉપરનું અવતરણ શકવર્તી છે



અને જગકલ્યાણ માટે જ છે તેને માટે તો સંસારને કદાચ પુનઃ પ્રાપ્ત કરવા માટે ઘણાં વર્ષો રાહ જોવી પડશે.

પૂ. માને સાચા હૃદયથી શુભ ભાવનાઓ દર્શાવવી હોય તો આધ્યાત્મિક જગતના સૌ સભ્યોએ આજથી જ પોતાના આત્માને વફાદાર રહી કરવું/કહેવું પડશે કે—

* પૂ. માનાં દર્શન માટે અંતઃચક્ષુ ખુલ્લાં રાખે અને પોતાના હૃદયકમળમાં જ પૂ. માની પ્રતિષ્ઠા કરે,
* પૂ. માનો સમય તેમની પોતાની આત્મોન્નતિના કાર્યમાં જ વપરાય તેની કાળજી રાખે,
* પૂ. માની શક્તિ સાંસારિક કાર્યોમાં ઓછામાં ઓછી વપરાય તેની ચીવટ રાખે,
* પૂ. માની પ્રસન્નતામાં જ પોતે પ્રસન્ન રહે—આશીર્વાદ કે શુભેચ્છા મેળવવાનો દુરાગ્રહ ના રાખે,
* પૂ. માની ઉપરામતા ઓછી કરવા પૂ. માને ગમે તેવું આચરણ કરે,
* જપ, માળા, ધ્યાન વિગેરે દ્વારા પોતાની ભૂમિકા પૂ. માના અનુગ્રહ પામવા યોગ્ય બનાવે,

આજના પવિત્ર પર્વે પ્રાર્થીએ કે પૂ. મા આપણને સૌ વર્ષો સુધી તેમના પ્રેમ અને અનુગ્રહથી પરિપ્લાવિત કરે, યુગકાર્યનું નિર્માણ કરે અને પૂ. શ્રીને પૃથ્વી પર પ્રકટાવે.

પૂ. માનો જન્મદિવસ આપણા સૌ માટે દિશાસૂચક બનો અને આધ્યાત્મિકતાના જગતમાં રાહ દર્શાવનારો બનો.

પૂ. માના ચરણોમાં કોટિપ્રણામ.

પૂ. માનો જન્મદિવસ ટોરોન્ટોમાં પૂ. યોગેશ્વર ધ્યાનકેન્દ્ર ઉજવી રહ્યું છે. □

# ત્યાગભાવના

ડૉ. દેવદત્ત જોશી

ત્યાગ એ ભાવના છે. મનની એક ઉચ્ચ અવસ્થા છે. ઈશોપનિષદ તેન ત્યક્તેન ભુંજીથાઃ ત્યજીને ભોગવવાનો મંત્ર આપે છે. ગીતાના ઉપદેશ અંગે શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ કહેતા કે 'ગીતા' શબ્દને ઊલટાવો તો 'તાગી' થાય. ગીતાનો ઉપદેશ ત્યાગનો છે. નારેશ્વરના સંત પૂ. શ્રી રંગ અવધૂત કહે છે "ગીતા અજબ પઢીયા રે, મુજકો ત્યાગી બનાયા હૈ." ત્યાગ કરવો એટલે છોડી દેવું એટલો મર્યાદિત અર્થ નથી. સંસારનો ત્યાગ કરવો એટલે કુટુંબને છોડી દઈને કોઈ આશ્રમમાં, એકાંતમાં, વનમાં બેસવાનું નથી. કુટુંબ સાથે રહી સાંસારિક ફરજો બજાવતાં અનુસંધાન ઈશ્વર સાથે રાખવાનું છે. જે સહજ પ્રાપ્ત કર્મ છે તે કરતા રહેવું અને સંસારનું ચક્ર ચાલતું રહે એમાં નિમિત્તરૂપ બનવું. જે લોકો સંસારત્યાગનો અર્થ કે મર્મ નથી સમજ્યા અને કૌટુંબિક સામાજિક ફરજોને છોડી એકલા એકાંતજીવન ગાળવા ઘર, કુટુંબ સમાજને છોડી દીધાં છે તેમણે ઘણા કૌટુંબિક, સામાજિક પ્રશ્નો ઊભા કર્યા છે. જ્યાં ગયા ત્યાં તેમણે એક યા બીજે સ્વરૂપે નવો સંસાર સર્જ્યો છે. સંસારમાં રહીને નિર્મમભાવે નિઃસ્પૃહભાવે કર્મ કરતા રહી સૌની સાથે સંસારના વ્યવહારમાં સહભાગી થવું એમાં પણ ત્યાગની ભાવના છે. ગીતામાં નિષ્કામ કર્મયોગનો આદર્શ વર્ણવાયો છે. એ ત્યાગભાવનાનું સર્વોચ્ચ સ્વરૂપ છે.



કર્મ કરવું પણ તેના ફળની, તેના પરિણામની આશા રાખવી નહિ. કર્મ જેવું હોય તેવું તેનું પરિણામ સારું કે માઠું આવવાનું જ છે. સારું કર્મ એનું સારું પરિણામ, માઠું કર્મ એનું માઠું પરિણામ એ નક્કી છે પછી તેનો વિચાર કરો કે ન કરો. કર્મ કરતી વખતે કર્મ કેવું છે એની સભાનતા જ રાખવાની છે. કર્મ કરવું એ આપણો અધિકાર છે. એ ફરજ કે આવી પડેલી વેઠ નથી. કયું કર્મ કરવું, કેવું કર્મ કરવું એ અંગેનું સ્વાતંત્ર્ય આપણને મળેલું જ છે. એ અંગે નિર્ણય કરવાની બુદ્ધિ, વિવેકશક્તિ પણ આપણને મળેલી જ છે. એનો ઉપયોગ જ કરવાનો છે. એ સભાનતા સાથે કર્મ કરીએ એનું વહેલું મોડું પરિણામ કે ફળ મળવાનું જ હોય તો તે અંગે પહેલેથી ગણત્રી કરવાની જરૂર શું છે? એ અંગે નિરપેક્ષભાવ કેળવાય એ જ નિરાસક્તિ. નિરાસક્તિ એ કોઈ નકારાત્મક ભાવ નથી. એ વિધેયાત્મક ભાવ છે.

કોઈને માટે કંઈક કરી છૂટવું અને એ માટે પોતે કંઈક છોડી દેવું એ ત્યાગમાં પણ આ નિરાસક્તિનો ભાવ જ કેન્દ્રમાં છે. મિત્ર માટે, નિમાઈ પોતાનો મૌલિક ગ્રંથ નદીમાં પધરાવી દે એ ઘટનામાં મિત્ર માટેના પ્રેમ ઉપરાંત પોતાને મળતી કીર્તિ માટેની નિરાસક્તિ જ છે. પતિ માટે સતી સ્ત્રીઓ પોતાના સુખનો ત્યાગ કરે, પ્રજાના કલ્યાણ માટે રાજા પોતાનું વૈભવસુખ છોડી દે, અંગતજીવન પ્રત્યે નિરાસક્ત બને એવાં ઉદાહરણો ઘણાં છે, મહારાણા પ્રતાપને લશ્કર ભેગું કરવા ભામાશા પોતાનું સઘળું દ્રવ્ય પ્રતાપના ચરણમાં ધરી દે એ ત્યાગમાં રાજા અને પ્રજા બંને પ્રત્યે પ્રેમ છે અને પોતાના સુખ, સ્વાર્થ પ્રત્યે નિઃસ્પૃહતા છે. ભગવાન બુદ્ધ માનવજાતનાં દુઃખોની નિવૃત્તિ માટે શોધ ચલાવવા રાજવૈભવનો ત્યાગ કરી પરિવ્રાજક બને છે. આ સૌના જીવનમાં

ત્યાગરૂપી જે કર્મ છે એના ફળરૂપે પરિણામરૂપે સમાજને માનવજાતને લાભ થયો છે. અર્જુને શસ્ત્રત્યાગ કર્યો ત્યારે શ્રીકૃષ્ણે એને ત્યાગનું સ્વરૂપ સમજાવ્યું અને નિરાસક્તભાવે કર્મ કરવાનો અને તેના ફળ પ્રત્યે નિરાસક્તિ કેળવવાનો ઉપદેશ કર્યો અને માનવજાતને હંમેશને માટે પોતાના પ્રશ્નોના ઉકેલ મેળવવા માટેનો ગીતા જેવો ગ્રંથ મળ્યો.

અશક્તિમાન ભવેત્ સાધુ કે દ્રાક્ષ તો ખાટી છે જેવી વૃત્તિથી કરેલો ત્યાગ એ સાચો ત્યાગ નથી. ત્યાગથી મળતી પરમ શાંતિ એ રીતે ન મળે. ત્યાગાત્ શાન્તિ રનંતરમ્ એ આવા ત્યાગી માણસો માટેનું સૂત્ર નથી. પોતે પોતાને મળતી વસ્તુ માનવજાત માટે, અન્ય કોઈ આત્મીયજન માટે છોડી દે અને તેનો દગદગો મનમાં ન રાખે તો શાન્તિ મળે. પોતાના સત્કર્મના પરિણામરૂપે આવી મળતું સુખ અન્યના સુખ માટે છોડી દે ત્યારે સત્કર્મ કર્યાના સંતોષ સિવાય બીજું એના મનમાં ન હોય. એ નિરપેક્ષભાવ જ એની શાન્તિનું કારણ બની રહે.

ભારતમાં વ્યક્તિમત્તાનો શ્રેષ્ઠ આદર્શ તે ત્યાગીજીવન છે. પ્રાચીનકાળના ઋષિમુનિઓથી માંડીને અર્વાચીન સંતો સુધીના અનેક ત્યાગી માણસોની પરંપરા ચાલી આવે છે જેણે સમાજઘડતરનું કાર્ય કર્યું છે. સમાજને સંગમાં નિઃસંગી જીવનનો આદર્શ આપ્યો છે. અનેક સંસ્કૃતિઓના હુમલાઓ થવા છતાં ભારતીય સંસ્કૃતિ હજી સુધી ટકી રહી છે એના કારણમાં, એના પાયામાં ત્યાગભાવના જ છે.

(આકાશવાણીના સૌજન્યથી)



## * કરી લેજો ખાતરી *

અમે રે પામ્યા ભાઈ અમૂલખ ઘડી!
ગણી છેલ્લો મુકામ માંડી પરબડી,
અમે રે પામ્યા ભાઈ અમૂલખ ઘડી!
કોણ માલિક આ વાસણ બેડલાંનો
નથી અમારું અહીં કાંઈઃ
તેના જ કૂવાનું આ પાણી પણ
અમે તો છીએ કેવળ પાનાર, ભાઈ!
અવર રીત ના અમોને આવડી,
ગણી છેલ્લો મુકામ માંડી પરબડી!
અમે તો નોકર ભાઈ પાગલ શેઠના
ચાવી તિજોરીની જાણીએ!
એના શબ્દોને હુકમ માનતા
સ્થિર બેઠાં તો મજા માણીએ!
રહીએ કાયમ પોકારતા અમે છડી,
ગણી છેલ્લો મુકામ માંડી પરબડી!
એનું ઠેકાણું અમને ના પૂછશો
અમે બેસીએ ત્યાં એની છાંય!
તાપે તપી તપી યદિ થાક્યાં
જીવ રે તમારો કદી અકળાય
તો રોકાય કરી લેજો ખાતરી,
અમે રે પામ્યા ભાઈ અમૂલખ ઘડી!

— પરમાર્થી

## * 'હરો' *

હરિ! મારા 'હું'–પદ ભારને હરો.
અતલ ગગનના વિમલ અભ્ર સમ
લીલયા મુક્ત કરો
હરિ! મારા 'હું'–પદ ભારને હરો.
અર્ધ–દગ્ધ હું જ્ઞાને–ધ્યાને,
માયાબદ્ધ જડ આતમભાને,
તમસ–લીન ભટકું વેરાનેઃ
વિપથ પથિકને પ્રકાશ–પુંજે
સત્–પથ પ્રેમે ધરો,
હરિ! મારા 'હું'–પદ ભારને હરો.
હૃદય કરો આ ગગન સમોવડ,
જાડય હરો ભેદી અંતર–પડ,
નૂર ભરો છેદી સંકુલ જડઃ
રંક શિશુને અંક ધરીને
વહવો વત્સલ–ઝરો
હરિ! મારા 'હું'–પદ ભારને હરો.
અતલ ગગનના વિમલ અભ્ર સમ
લીલયા મુક્ત કરો
હરિ! મારા 'હું'–પદ ભારને હરો.

ડૉ. રણજિત પટેલ (અનામી)



## * પુલકિત થઈએ *

( ગાન )

સાંજસવારે કુદરત ગોદે ઘૂમીએ–પુલકિત થઈએ,
પંખી ગીતો મધુરાં મનહર સુણીએ–પુલકિત થઈએ.

ફૂલડાં–સૌરભ, સરિતા–કલરવ, પહાડ ગુફાઓ ન્યાળી,
સૂરજ કિરણ, મીઠો સમીરણ માણી પુલકિત થઈએ.

ચંદા, વાદળ, નભ ને ઝરણાં, વન ઉપવન ને સાગર,
અંતર લીલાં, ઘાસ મજાની જોઈ પુલકિત થઈએ.

તરુઓ, તારા, શરદ–વસંતે ચાંદની રાતો સુંદર,
ઘોર અમાસે તિમિર મજાનું ભાળી પુલકિત થઈએ.

ધરતી સુંદર, માનવ સુંદર, નભના રંગો સુંદર,
વર્ષા સુંદર, સંધ્યા સુંદર નિરખી પુલકિત થઈએ.

ભેટ વિભુની એ સર્વેને હરખી હરખી લહીએ,
ઉપકાર ઘણો છે એ અમ પર પુલકિત હૈયે થઈએ.

ભલે બુરાઈ જગમાં હોયે કમલ સમા થઈ રહીએ,
ભલું કરીને સદા જગતમાં પુલકિત પુલકિત થઈએ.

નેકી કરવી, ખુદા વફાઈ હૈયે રાખી જગમાં,
માનવ થઈને સુંદર જીવન જીવી પુલકિત થઈએ.

— મધુરમ્

### પાતંજલ યોગદર્શન

# મનને શાંત કરવાનો સચોટ ઉપાય

ડૉ. રમણલાલ જોશી

ગુજરાત યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકસ્ટામ્યૂરલ સ્ટડીઝના ઉપક્રમે મહાત્મા યોગેશ્વરજીએ 'પાતંજલ યોગદર્શન' વિશે જે વ્યાખ્યાનો આપેલાં તે એ નામથી ગ્રંથ સ્વરૂપે પ્રગટ થયાં છે. આ વ્યાખ્યાનો તા. ૨૫–૨–૮૪ થી તા. ૨–૩–૮૪ સુધી ગુજરાત યુનિવર્સિટીમાં અપાયાં હતાં.

શ્રી યોગેશ્વરજીએ અનેક પુસ્તકો પ્રગટ કર્યા છે એમાં 'પ્રકાશના પંથે' જેવી આત્મકથા છે. કાવ્યસંગ્રહો છે. પ્રેરક, ઉદ્-બોધક શૈલીમાં લખાયેલા ધર્મ અને તત્ત્વજ્ઞાન વિષયક લેખો છે. તેમણે 'રામચરિતમાનસ્'નો ગદ્યાનુવાદ પણ પ્રગટ કર્યો છે. આવા બહુશ્રુત, વેદ ઉપનિષદ અને શાસ્ત્રોના ઊંડા અભ્યાસી, શાસ્ત્રોને સ્વાનુભવની કસોટીએ ચઢાવ્યા બાદ, આંતરપ્રતીતિથી અધ્યાત્મ વિશે સ્વકીય ચિંતન રજૂ કરનાર મહાનુભાવ હતા. તેઓ કોઇ ધાર્મિક સંપ્રદાયમાં પુરાયા નથી. પંરતુ સતત માનવધર્મનો ઉપદેશ આપ્યો છે, શ્રી યોગેશ્વરજીએ જે પ્રેરક સાહિત્ય આપ્યું છે તે આજના સમયમાં ઉપયોગી અને દિશાસૂચક બની શકે એવું છે. એમનાં પોતાનાં માતા વિશેનાં કાવ્યો 'તર્પણ' નામે સંગ્રહરૂપે સુલભ બન્યાં છે. આધ્યાત્મિક અભિનવ હોવા છતાં આ રચનાઓ હૃદયસ્પર્શી નીવડી છે.

વ્યાખ્યાનોનું 'પાતંજલ યોગદર્શન' એ એમના ગુજરાત



યુનિવર્સિટીના વ્યાખ્યાનોનો સંગ્રહ છે તે સમયે ધ્વનિમુદ્રિત કરી લેવામાં આવેલાં પ્રસ્તુત પુસ્તક એ એનું ગ્રંથ સ્વરૂપ છે. પાતંજલ યોગદર્શનની સરળ ભાષામાં સમજ આપી છે. સમાજને ધર્માભિમુખ કરવાનો જે પ્રયત્ન થયો છે, તે આવકાર્ય છે. ભારતીય સંસ્કૃતિના વારસા સમાન ગ્રંથોને ગુજરાતીમાં આ રીતે સુલભ બનાવવાની ઈષ્ટ પ્રવૃત્તિ સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટે કરી છે તે અભિનંદનીય છે. ગ્રંથ સાથે જોડવામાં આવેલા શ્રી પરમાર્થીના પ્રાક્કથનમાં કહેવાયું છે કે ઇ. સ. ૧૯૪૦ થી ઇ. સ. ૧૯૬૦ સુધી હિમાલયમાં આકરી તપશ્ચર્યા કરી આધ્યાત્મિક શક્તિઓથી વિભૂષિત બન્યા પછી જ પૂ. યોગેશ્વરજીએ લોકસંગ્રહાર્થે જન-સમુદાયમાં વિચરણ કરવાનો પ્રારંભ કર્યો હતો. ત્યારથી જ તેમણે વ્યાખ્યાનો દ્વારા અને લેખનકલા દ્વારા સ્વાનુભૂતિના અમૃતની વર્ષા કરવા માંડી હતી. તેમની ઓજસ્વી વાણીમાં જ્ઞાન, ભક્તિ ને યોગનાં રહસ્યોનું ઉદ્‌ઘાટન આકર્ષક રીતે થતું હતું. તેમની રહેણી-કરણીમાં દીપી ઉઠતાં સાદાઇ સરળતા ને સૌમ્યતાનાં લક્ષણો તેમની વિશેષતાના દ્યોતક હતા. જન્મ દેનારી પોતાની માતાની અંતિમ ઘડી સુધીની તેમણે કરેલી ભક્તિભાવ પૂર્વકની અમૂલ્ય સેવા તેમને મહાન માતૃભક્ત સંત તરીકે પ્રતિષ્ઠિત કરે છે. તેઓ પોતાની માતાને દેશપરદેશમાં સાથે જ રાખતા અને જગદંબા તરીકે તેમની પૂજા કરતા.

તેમના વરદહસ્તે દેહત્યાગ કર્યો ત્યાં સુધીમાં એંશીથી પણ વધારે ગ્રંથ પુષ્પોનું સર્જન કરી શારદાના ચારુ ચરણોમાં અર્ઘ્ય સમર્પિત કર્યું હતું. 'સમર્પણ'ને 'પરભવની પ્રીત' જેવા ઉત્કૃષ્ટ પ્રકારના વાર્તાસંગ્રહો 'ગાંધી ગૌરવ' જેવું ભક્તિભાવપૂર્વકનું મહાકાવ્ય, 'શ્રી રમણ મહર્ષિ' જેવા સર્વોત્તમ ચરિત્ર ગ્રંથને

'પ્રકાશને પંથે' જેવી અણમોલ આત્મકથાની સૌરભથી સદાને માટે ગુજરાતી સાહિત્યનું ઉપવન મઘમઘી રહેશે. તેમની મૌલિક કૃતિઓ અમર સ્થાન પ્રાપ્ત કરે તેવી છે. તદુપરાંત શ્રેષ્ઠ પ્રકારના અનુવાદો અને 'રામાયણ દર્શન' જેવી પ્રલંબ પદ્યરચના તેમનું વિશિષ્ટ પ્રકારનું પ્રદાન છે. ઉપનિષદ, ગીતા, ભાગવત, મહાભારત, રામાયણ, યોગદર્શન જેવા શાસ્ત્રગ્રંથો પર અભ્યાસપૂર્ણ ચિંતનાત્મક ગ્રંથોની રચનાઓ તેમના આધ્યાત્મિક અનુભવોના પ્રકાશથી પ્રકાશિત છે. આવા તમામ સાહિત્યનું મૂલ્યાંકન ગુજરાતના વિદ્વાન સાહિત્યકારો દ્વારા થતું રહેશે તો સામાન્ય જનસમાજના તેઓ ઋણી બનશે.

પંડિતપ્રવર મૂર્ધન્ય વિવેચક સ્વ. વિજયરાય ક. વૈદ્યના વચનો સદૈવ સાહિત્યના આકાશમાં ધ્રુવતારકની માફક ચમક્યા કરશે. 'શ્રી યોગેશ્વર આજને દહાડે જગતના વિરલ પુરુષવિશેષમાંના એક છે, અથવા એટલું જ શા માટે!... જગત પોતાના સૌથી મહાન મનુષ્યને ઓળખતું નથી, તેવાઓમાંના એક છે.'

પ્રથમ પ્રવચનમાં એમણે સ્પષ્ટ કહ્યું છે કે મહર્ષિ પતંજલિના સમયમાં હઠયોગ, રાજયોગ ભક્તિયોગ, જ્ઞાનયોગ, લયયોગ વગેરે પ્રચલિત હતા. પણ તેમણે કોઇ એકનું નામ પસંદ કર્યું નથી. તેમણે પોતાના યોગ્ય આસનને અષ્ટાંગ યોગ તરીકે પણ ઓળખાવ્યો નથી.

યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ, સાચી શાંતિ એથી જ ઉપલબ્ધ થાય છે. એટલે જ યોગેશ્વરજી કહે છે કે, 'ચિત્તની વૃત્તિઓને શાંત કરી, ચિત્તની વૃત્તિઓની સહજ શાંત અવસ્થા તે યોગ એમ મહર્ષિ પતંજલિ કહેવા માગે છે.' કેટલીક વાર તેઓ



પોતાના નિરૂપણમાં સૂચક દ્રષ્ટાંત પણ આપે છે. દા. ત. ગાંધીજીની નિર્ભયતાની વાત કરતા તેમણે એક પ્રસંગ ટાંક્યો છે કે દક્ષિણ આફ્રિકામાં એક અંગ્રેજ સદ્‌ગૃહસ્થ ગાંધીજીનું ખૂન કરવા તૈયાર થયો હતો. એક દિવસ ગાંધીજી એકલા એના ઘરે જઇ પહોંચે છે અને કહે છે 'આટલી બધી નિર્ભયતા!' ગાંધીજી જવાબ આપે છે કે, 'એક જ કારણ મને પ્રભુમાં વિશ્વાસ છે એની ઇચ્છા નહીં હોય ત્યાં સુધી મને કોઇ કંઇ જ કરી શકે એમ નથી.' પછી તો એનું પરિવર્તન થયું અને તે ગાંધીજીનો ભક્ત બની ગયો.

બીજા પ્રવચનમાં તેમણે અભ્યાસ અને વૈરાગ્ય વિગતવાર સમજાવ્યાં છે. પ્રાણાયામ, ધ્યાન પ્રત્યાહાર, વગેરેનું સુંદર વિવરણ થયું છે. ચિત્તને પ્રશાંત કરી અને સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મામાં વિલિન કરવાની વાત તેમણે કરી છે. યોગની સાધનાને તેઓ સંશોધનની સાધના કહે છે, યોગેશ્વરજી અનેક દ્રષ્ટાંતો અને પોતાના જીવનના અનુભવો આપી વિષયને સ્ફુટ કરે છે; પતંજલિની એક જ વાત છે કે કોઇ પણ રીતે ચિત્તને શાંત કરવું પોતે આપેલી પદ્ધતિઓ કરતાં બીજી પદ્ધતિઓ પછી યોજી શકાય. સંયમ, ધારણા, પ્રજ્ઞા, વગેરેની સમજ પણ આપી છે. સાંપ્રત દેશ સ્થિતિ વિશે પણ તેઓ પ્રસંગોપાત નિક્તેચિની કરે છે. દા. ત. ૧૦૫મે પાને તેઓ કહે છે કે આજે આપણું રાષ્ટ્રીય જીવન આપણે જોઇએ તેટલું વિશુદ્ધ નથી. ચારિત્ર્યના પાયાઓ હલી ગયા છે, નીતિમતાનું ધોવાણ થઇ રહ્યું છે. માનવતાના મૂલ્યાંકનો નીચે જઇ રહ્યાં છે આપણે જોઇએ તો, એકલું ધ્યાન કરવાથી આ નહીં થાય, એકલી માળાઓના જપ કરવાથી પણ કાંઇ નહીં થાય. સાથે સાથે જીવનની સાધના, જીવનની વિશુદ્ધિની સાધના તેને પણ આપણે આગળ સમજવી પડશે, એ માર્ગે ચાલવું પડશે.

મહર્ષિ પતંજલિ પોતાના યોગદર્શનમાં ક્રિયાયોગ, આત્મશક્તિ, આત્મિકવિભૂતિનું આત્મનિયુક્તિનું, આત્માની સંસિદ્ધિનું વર્ણન કરીને સાધકોને સુયોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે. યોગની વાત આવતાં લોકો કુંડલિની શક્તિ વિશે વાત કરતા હોય છે. પણ મહર્ષિ પતંજલિએ ક્યાંય એની વાત કરી નથી અને છતાં માનવ આત્માના ઉત્કર્ષની વાત સતત ચાલતી હોય છે. પતંજલિના સૂત્રોને રસાળ શૈલીએ તેમણે સમજાવ્યાં છે. મહર્ષિ પતંજલિના યોગદર્શનને સાર તત્ત્વરૂપે રજૂ કરતા યોગેશ્વરજીએ આપેલા પાંચ મુદ્દાઓ મનનીય છે.

(૧) જીવન મહામૂલ્યવાન્ છે. (૨) જીવન એક મહાન મંગલમય મહાયાત્રા છે જેમાં જીવ, શિવ તરફ આગળ ચાલે એવી એક-યાત્રા એક મંગળ વસ્તુ, ધિક્કારવા, જેવી વસ્તુ નહીં. અભિશાપ નહીં, આનંદનો આશીર્વાદ આ તો અમુલખ છે એક યાત્રા. (૩) એમાં શાંતિ મેળવવાની સૌની અભિલાષા એમાં સુખની સંપ્રાપ્તિ કરવાની સર્વકામના. તે સુખ અને શાંતિની સંપ્રાપ્તિ જો માનવે કરવી હોય તો, સુખસ્વરૂપ શાંતિસ્વરૂપ પરમાત્મા પ્રત્યે અભિમુખ બનવું જોઈએ. (૪) એ અભિમુખતા પરિપૂર્ણ થાય તે માટે માનવે, જીવનમાં સાત્ત્વિકતાથી સંપન્ન થવાના પ્રયત્નો કરવા જોઈએ. (૫) હૃદયને સંવેદનશીલ બનાવવું જોઈએ, જેથી આપણે આપણા જીવન દરમ્યાન બીજાને પણ શાંતિનો માર્ગ ચીંધી શકીએ, શાંતિ આપી શકીએ, બીજાના સુખ માટે પ્રયત્નો કરીએ. આપણા સુખ ને શાંતિ માટે જેટલી યોજનાઓ બનાવીએ, તેવી યોજનાઓ તેનાથી વધારે યોજનાઓ, બીજાના સુખ ને શાંતિ માટે બનાવીએ, તો કદાચ આપણને સુખ–શાંતિ સહેલાઈથી અને અદ્ય પ્રાપ્ત થાય.'



સાંપ્રતના સંદર્ભમાં પાતંજલ યોગદર્શનનું સરળ અને રસાળ શૈલીમાં કરેલું નિરૂપણ વાચકોને અવશ્ય રસપ્રદ અને દિશાસૂચક નીવડશે.

પાતંજલ યોગદર્શન–મહાત્મા યોગેશ્વરજી પ્ર. બાબુભાઈ ચિમનલાલ વોરા, સર્વમંગળ ચેરિટેબલ ટ્રસ્ટ, ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ–૯ કિંમત રૂપિયા–૩૦.


બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

અમેરિકામાં

# પૂ. માના જન્મદિનની ઉજવણી

તા. ૧૩ નવેમ્બર એ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મ દિવસ. સને ૧૯૯૩ ના નવેમ્બરની ૧૩ મી તારીખે તેઓએ એકાવનમાં વર્ષમાં પ્રવેશ કર્યો. ભારતમાં આ વર્ષે તે દિવસ દિવાળીના તહેવારનો હતો તેમ જ પ. પૂ. માને તા. ૫–૧૧ થી ૧૩–૧૧ સુધી મૌન હતું. તેથી ભક્તોની ઇચ્છાને માન આપી તા. ૧૮–૧૧ ના દિવસે તેઓના જન્મદિનની ઉજવણી વડોદરા ખાતે કરવામાં આવી.

અમેરિકાના નોર્થ બર્ગન શહેરમાં પૂ. માનો એકાવનમો જન્મદિવસ સાધકોએ સાથે મળી શ્રી વિનોદભાઇ પટેલને ત્યાં સરસ રીતે ઉજવ્યો. તે પ્રસંગે કેનેડાના આઠ જેટલા સાધક ભાઇઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે યોજાયેલ સતસંગની ખાસ બેઠકમાં શ્રી ઈશ્વરભાઇ ભક્તે (પરમાર્થીએ) હાજર રહી પૂ. માના જીવનને કેન્દ્રમાં રાખી, સંતો સાથે કેમ વર્તવું તેમ જ તેઓની પાસેથી આત્મિક કલ્યાણનો લાભ કેમ મેળવી લેવો વગેરે વાતો સરળ શૈલીમાં સમજાવી હતી.



# પત્ર પ્રસાદી–હિમાલયના પત્રોમાંથી

યોગેશ્વરજી

સંકલન : સુરેશ શાહ, કેનેડા

**પત્ર–૧૯ : જીવનનો મુખ્ય હેતુ**

ભારતમાતાની ગુલામી સુભાષચંદ્ર બોઝ, મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઇની જેમ પોતાને કંઠે છે તેનો સૂર આ પત્રમાં સંભળાય છે. ૧૦ ઓગસ્ટ ૧૯૪૨ માં વડોદરાથી શ્રી નારાયણભાઇને લખાએલો આ પત્ર તેની પ્રતીતિ કરાવે છે. આખા ભારતમાં અશાંત બનેલી રાજકીય અને સામાજીક પરિસ્થિતિને લક્ષમાં લેતાં પૂ. શ્રી જણાવે છે કે અત્યારે દેશમાં વિચિત્ર સ્થિતિ ઊભી થઇ છે. એવો કયો ભારતવાસી હશે કે જે આ વાતાવરણની વચ્ચે પણ કુંભકર્ણની જેમ પડયો રહ્યો હશે? ખરેખર ગાંધીજી અને બીજા દેશનેતાઓની ધરપકડ કરીને સરકારે ભયંકર ભૂલ કરી છે. જે ડાળી ઉપર તે બેઠી છે તેના ઉપર તેણે એક વધારે કઠોર કુહાડો આથી માર્યો છે. આખાએ દેશમાં સત્યાગ્રહ સળગી ઊઠયો છે. સરકારની દાનત સારી નથી જ એ તો તેના મુંબઇ અને અમદાવાદના વલણે બતાવી આપ્યું છે. આ સરકાર શું હિંદને સ્વેચ્છાએ સ્વતંત્ર કરે? પરંતુ જ્યારે તેણે કઠોર પ્રહાર કરવા માંડયા છે ત્યારે આપણી ફરજ છે કે જે ભૂમિને માટે ને જે દેશની સ્વતંત્રતાને માટે લાખો લોકોએ બલિદાન આપ્યાં છે જે જેને માટે ગાંધીજી જેવા મહાત્મા પણ જેલવાસી થયા તે દેશને માટે યથાશક્તિ કરી છૂટવું. આજ આપણી દેશસેવા છે. ખરી રીતે તો આજે આપણી કસોટી છે. દેશસેવા કે દેશપ્રેમને પારખવાની આ સાચી પળ છે.

ગાંધીજીને પકડીને સરકારે ભૂલ કરી છે, કદાચ સરકાર જેમ ધારતી હોય કે ગાંધીજી ને બીજા કેટલાક નેતાઓને કેદ કરવાથી પ્રજા દબાઇ જશે. પરંતુ એ મોટામાં મોટી મૂર્ખાઇ જ છે. ગાંધીજી અને નેતાઓ એ આખાય દેશના પ્રાણ છે, તેમની પાછળ આખી જનતા રહેલી છે, ને પ્રત્યેક પુરુષના સ્વાંગમાં એકેક નેતા રહેલો છે. ગાંધીજી કે મુઠ્ઠીભર માણસોને કેદ કરવાથી શું પ્રત્યેકના હૃદયમાં ઊતરેલી સ્વતંત્રતાની ભૂખને કેદ કરી શકાશે? નહિ જ.

પોતાની દેશદાઝ પ્રકટાવતાં પૂ. શ્રી આગળ જણાવે છે કે આ દેશ કે જેને માટે આપણે મથીએ છીએ તે ગરીબ છે એમ જાણીને આપણે ગરીબ થઇએ, આપણી જરૂરિયાતો ઓછી કરીએ, વ્યસનો દૂર કરીએ, ને આપણા વિચારોનો લખાણ, ભાષણ, વાતચીત ને પ્રત્યક્ષ કાર્ય દ્વારા પ્રચાર કરીએ. વખત આવ્યે જેલમાં જવા પણ તૈયાર રહીએ. જ્યાં ભેદ હોય ત્યાં સંપ કરીએ, ને હિંદની જ નહીં આખા જગતની શાંતિ શીઘ્ર સ્થપાય એવી હરરોજ પ્રતિક્ષણ પ્રાર્થના કરીએ.

આવા હતા પૂ. શ્રીના ક્રાંતિકારી અને સર્વોત્તમ વિચારો, ભારતની આઝાદીના તેઓ લડવૈયા હતા. ખાદીના કપડાં તેઓએ આજીવન પહેર્યાં, ગાંધીશતાબ્દિ દરમ્યાન ગાંધીગૌરવ લગભગ ૬૫૦ પાનાનું પુસ્તક સમાજને ભેટ ધર્યું અને જીવનમાં સાદગી અપનાવી સંતપણું શોભાવ્યું. યોગી, તપસ્વી, લેખક, કવિ, વક્તા, ભક્ત અને હિમાલય હમારા હૈ ના શૌર્યગીતોના રચનાર પૂ. શ્રીને કોટિપ્રણામ હો. **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसि**–તે ભાવના અમે પૂ. શ્રીના વિદેશના પ્રવચનોમાં પણ જોઇ છે. માતૃભક્ત અને દેશભક્ત તપસ્વીને અમારી અંતરની અભ્યર્થના.



## પત્ર–૨૦ : ઈશ્વરનું શરણ

દરેક મનુષ્યમાં સદ્‌ગુણો હોય છે તેવું પૂ. શ્રી દૃઢપણે માને છે. પણ જરાય સંકોચ વિના સ્પષ્ટ કરવું એ બહુ જ ઉત્તમ ને પ્રશંસનીય ગુણ છે. મુ. નારાયણભાઇના આવા ગુણને પૂ. શ્રી આ પત્રમાં બિરદાવે છે. સ્પષ્ટતાનો એ ગુણ જેનામાં હોય છે તે ધીરે ધીરે પોતાની વિશુદ્ધિ સાધીને આખરે મહાન કક્ષાએ પહોંચી શકે છે એ નક્કી સમજવું. જો માણસ સમજે તેટલું સહેલાઇથી તે આચરી શકતો હોત તો તો પૂછવાનું જ શું હતું? મુક્ત થતાં વાર જ ના લાગત. પરંતુ વસ્તુતઃ તેમ નથી. બારીકાઇથી જોતાં જણાશે કે મનુષ્યના હૃદયમાં દૈવી ને આસુરી વૃત્તિઓ વચ્ચે યુદ્ધ ચાલ્યા જ કરે છે. એક વૃત્તિ માણસને ઊંચે ચઢાવવા મથે છે, બીજી તેને નીચે પાડવાનો પ્રયત્ન કર્યા કરે છે. પરંતુ સતત અભ્યાસથી આ વૃત્તિઓ પર વિજય મેળવી શકાય છે. જે માણસ પોતાના હૃદયનો સતત અભ્યાસ કે પરીક્ષણ કરતો રહે છે ને વારંવાર પડવા છતાંય કરોળિયાની જેમ ઊભો થઇને પ્રયત્નમાં લાગ્યો જ રહે છે, તે અંતે જરૂર જીતે છે ને વૃત્તિ તેને વશ થાય છે. જેણે પોતાનું જીવન ઉન્નત બનાવવું હોય તેણે તો આ સ્થિતિ જીત્યે જ છૂટકો. માટે જ મનને વારંવાર સમજાવવાનું કે–રે મન, કદિ નિરાશ ન થા.

વૃત્તિઓને વશ કરવાના તથા મનને જીતવાના અનેક ઉપાય છે. જેમ કે (૧) ઈશ્વરને શરણે જવું. (૨) મન કહે તે ના કરવું. (૩) મનનું પરીક્ષણ કરતા રહેવું. (૪) સત્સંગ. (૫) સુંદર પુસ્તકો, સુંદર સ્થાનો ને પુરુષોનો પરિચય કેળવવો. (૬) પ્રાર્થના. (૭) થોડો ને સાત્ત્વિક આહાર. (૮) સેવાના કાર્યમાં લાગ્યા રહેવું. (૯) ઉન્નત ને ઉચ્ચ ભાવનાઓ રાખવી. (૧૦) વારંવારનું ધ્યાન તથા

જપ વગેરે. પરંતુ સુંદર ને સહેલો ઉપાય ઈશ્વરનું શરણ છે. ઈશ્વરના શરણથી દુઃખોનો નાશ થઇ જાય છે. ભય, ક્રોધ, દ્વેષ વગેરે વસ્તુઓ ઈશ્વરનું શરણ લેતાં પલાયન થઇ જાય છે. જીવનમાં હર્ષશોક કે નિંદાસ્તુતિના પ્રસંગો પણ આવા માણસને સ્પર્શી શકતા નથી.

આ શરણ શું છે? જેને શરણે જવાનું હોય છે તેનામાં એક તો આપણને પૂર્ણ શ્રદ્ધા હોય છે ને બીજું ગમે તેવા સંકટમાં તે આપણી રક્ષા કરવા સમર્થ છે એ આપણી સમજ હોય છે. આપણે ઈશ્વરનું શરણ લઇએ તો જે વાતાવરણમાં આપણે મૂકાઇએ તે સર્વમાં આપણે આનંદ માણતાં શીખવું જોઇએ કેમ કે ઈશ્વરે જ આપણને તે વાતાવરણ આપ્યું છે ને તે આપણા સારાને માટે જ હોવું જોઇએ. સાંસારિક સંકટોમાં પણ આનંદ જ માનવો કેમ કે એ પણ ઈશ્વરની પ્રસાદી જ છે. આપણા ભલાને માટે જ ઈશ્વરે તે સંકટો મૂકેલાં છે એમ મન સાથે સમાધાન કરવું. આવા માણસને સંકટો શું કરી શકે? તે તો પુત્રપ્રસવ થાય ત્યારેય આનંદમાં રહે ને કોઇ મરી જાય ત્યારેય ખુશ રહે. આ સ્થિતિ બહુ સુંદર છે ને તેને જ ગીતાએ તેરમા અધ્યાયમાં ઇષ્ટ તેમ જ અનિષ્ટની પ્રાપ્તિમાં સમાનતા રાખવી. એમ કહીને વર્ણવી છે.

શુષ્ક અને નીરસ બનતા જીવનને ઘણા ધિક્કારે છે જ્યારે પૂ. શ્રી જણાવે છે કે જીવન તો એક મહાન વિદ્યાલય છે. જેની આંખ ઉઘાડી છે તે તેમાંથી ઘણું ઘણું શીખી શકે છે. સારાયે આધ્યાત્મિક વિકાસનો પાયો જીવનમાં અને તે પણ દુનિયાની વચ્ચે તો નંખાય છે. એમાં જે કડવા મીઠા અનુભવો થાય છે તે ના થતા હોત તો માણસ કસાત કેવી રીતે? એમાં જે સંકટો આવે છે તે ના આવતાં હોત તો માણસ તપી તપીને કંચન જેવો થાત કેવી રીતે? સંસાર



પણ એક પ્રકારનું નંદનવન જ છે, ને તે નંદનવન એક નરક કરતાં પણ ભયંકર બની શકે છે. પણ તે કોને માટે? જે સ્વાર્થને માટે બીજાના સુખને છેદવા મથે છે તેને માટે જે કામ ને ક્રોધથી ભરેલા તથા દુન્યવી લાલસાઓથી દબાએલા છે તેમને માટે. પરંતુ જે બીજાના સુખમાં સુખ માને છે, જેણે પોતાનું સર્વ કાંઇ ઈશ્વરના ચરણમાં ધર્યું છે ને જે પ્રસંગો આવે તેમાં તેની પ્રસાદી સમજી તૃપ્ત રહે છે તેને માટે જીવન એક આનંદનું ઝરણ બની જાય છે. આ અનુભવ કરવાની શક્તિ ના હોય તે જીવન ને દુનિયા છોડીને નાસે. આખાયે વિશ્વની માતા એવી ગીતાને જોઇએ તો જણાય છે કે કોઇ પણ ઠેકાણે તેણે એમ નથી કરવું કે સુખ ને શાંતિ કે આનંદને મુક્તિ માટે દુનિયાનો ત્યાગ કરો. તે તો કહે છે કે બહારની દુનિયાને નહિ પણ તમારા અંતરમાં રહેલી કામ—ક્રોધની દુનિયાને જ તજો.

ક્રાઇસ્ટના શબ્દોને યાદ કરતાં પૂ. શ્રી જણાવે છે કે 'નોક ધ ડોર એન્ડ ઇટ શેલ બી ઓપન્ડ'—એકવાર નહિ ઊઘડે, બીજીવાર નહિ ઊઘડે, પરંતુ પ્રયત્ન ચાલુ રાખશો તો મુક્તિનું દ્વાર જરૂર ઊઘડી જશે.

માણસો સંસારમાં પોતાના સ્વાર્થને સાધવા મિત્રો, સગાંઓ, કહેવાતા સ્નેહીઓ અને સાધનસંપન્ન, લાગવગવાળા કહેવાતા પ્રતિષ્ઠિત માણસોનું શરણ લે છે અને નિરાશાનો અનુભવ કરે છે કારણ માંગનાર અને આપનાર બંનેમાં સ્વાર્થ છે. જ્યારે ઈશ્વરનું શરણ લેનાર અને ઈશ્વરનું સ્મરણ કરનાર કદાપિ નિરાશ થતો નથી કારણ જે માંગવાનું છે તે સ્વાર્થ માટે નહીં પણ પરમાર્થ માટે છે અને આપનાર ઈશ્વર અમોઘ શક્તિ ધરાવે છે.

( ક્રમશઃ )

# મનુષ્ય શરીરની મહત્તા

સંકલન : ડો. જે. વી. શાહ

મનુષ્યભવ કેટલો દુર્લભ છે, તે આ જીવને ધ્યાનમાં નથી આવતું. મહત્ પુણ્યના યોગે જ મનુષ્યદેહ મળે છે. તેને ફોગટ ન જવા દેવો એ માણસનું મુખ્ય કર્તવ્ય છે. મનુષ્યસ્વરૂપે જીવે છે તો ઘણાય, પણ તે પ્રમાણે જીવે છે કેટલાં? આપણને પૂ. યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીનો યોગ થયો છે, તે મોટું સદ્‌ભાગ્ય છે. તેથી તેની આજ્ઞાનું આરાધન કરવું; એમાં પ્રમાદ ન થાય એમ વર્તવું. પૂ. શ્રી કહેતા "પ્રમાદ અને આળસ જેવા કોઈ શત્રુ નથી." માટે પ્રમાદ ન થાય તેની સાવચેતી જીવે સાવધાનીપૂર્વક રાખવી.

પ્રશ્ન : શું પૂર્વકર્મથી પ્રમાદ આવે?

ઉત્તર : આવે તો પૂર્વકર્મથી, પરંતુ જીવ જો પુરુષાર્થ કરે નહિ, તો પ્રમાદ જાય નહિ. પુરુષાર્થ માત્ર દેહથી નહી, પણ મન અને ભાવનાથી કરવો જોઈએ. સત્સંગ સર્વથી બળવાન સાધન છે. પોતે કોઈ પુરુષાર્થ ન કરે અને કહે કે પ્રારબ્ધકર્મથી બધું થાય છે તો કોઈ મોક્ષે જાય નહીં. કર્મ તો જડ વસ્તુ છે, કર્મને કોણે બોલાવ્યા? શું મને એમને બોલાવ્યાં છે? શરીરને તે વળગેલાં છે, પરંતુ મન અને શરીર કરતાં આત્મા બળવાન છે. એથી જો આત્મા કહે કે હું આ કર્મોથી પર છું, તો કર્મ આવીને એને કંઈ વળગતાં નથી.

મહાવીર સ્વામિને ત્રેવીસ તીર્થંકર જેટલાં કર્મ હતાં. લાગ-લાગટ સાડા બાર વર્ષ સુધી પુરુષાર્થ કરીને ઘનઘાતી કર્મોનો ક્ષય



કરી નાખ્યો. એટલે કર્મ ખપાવવા પુરુષાર્થની જરૂર છે. "પૂર્વ કર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો" જ્યારથી સત્પુરુષની આજ્ઞા મળી ત્યારથી ચેતી લેવું.

"કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગ્રત થતાં સમાપ્ત થઈ જાય છે તેમ અવિદ્યારૂપી અનાદિનો અંધકાર જ્ઞાન થતાં દૂર થઈ જાય છે. જેમ પ્રકાશની પાસે અંધકાર ન રહે તેમ. જગત સ્વપ્ના જેવું છે, આ શરીરનો કંઈ ભરોસો નહિ. કોઈ ગર્ભમાં જ મરી જાય છે, તો કોઈ પચીસ વર્ષનો થઈ જાય છે. એનો કોઈ નિયમ નથી કે માણસ ઘરડો થઈને જ મરે. અને મનુષ્યભવમાં જે ઈચ્છે તે બધું કરી શકે છે. એક મનુષ્યભવ–સિવાય બીજી કોઈ યોનિમાં મોક્ષ થાય નહીં. આથી જે કંઈ કરવું તે આત્માર્થે જ કરવું, બીજાઓને સારૂ લગાડવા કરવું નહિ. આ વાત લક્ષમાં રાખી વ્યવહાર કરવો.

પૂર્વકર્મ છે, એમ જ્ઞાનીઓએ મનુષ્યને ચેતવવા માટે કહ્યું છે. મનુષ્યભવની એક પળ પણ મળવી દુર્લભ છે. એક પળમાં સમ્યગ્દર્શન થઈ શકે છે, અરે એક પળમાં જ મનુષ્યને કેવળજ્ઞાન પણ થઈ જાય છે. કૃપાળુ દેવે કહ્યું છે, મને આખા જગતનો શિષ્ય થવા દો."

મહાપુરુષોની ભાવના જ કોઈ અલૌકિક હોય છે! જો પોતાના આત્માનું હિત કરવું હોય તો, બીજા જીવોનું હિત ઇચ્છવું એ જરૂરી છે. બીજાઓનું ભલું ઇચ્છે, તેમનું પોતાનું ભલુ આપોઆપ જ થાય છે. આ કુદરતનો નિયમ છે.

# મા આનંદમયી

લેખક : રણધીર ઉપાધ્યાય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

## ભાવાવેશ

આટપાડામાં નિર્મળાને વારંવાર ભાવાવેશ આવતો. સમાધિ જેવી અવસ્થામાં એ ડૂબી જતી. આંખો મીંચાઇ જતી. વાણી બંધ થઇ જતી. ભાન જતું રહેતું. ઊભી હોય તો કોક વાર પડી જતી. બેઠી હોય તો આડી પડી જતી. નિર્મળાનો આ સ્થિતિ પર કોઇ કાબૂ ન હતો. એના નિયંત્રણ બહારની એ અવસ્થા હતી. ક્યારે ભાવાવેશ આવશે? ક્યારે ઊતરશે? શા માટે આવે છે? એના વિષે એ કંઇ જ કહી શકતી ન હતી. ભાવાવેશ ગમે ત્યારે ગમે તેની હાજરીમાં આવતો હતો. ઘરના સૌ ચિંતાતુર હતાં. ભાવાવેશને કોઇ સમજી શકતું ન હતું.

કોઇક એમ કહેતું—નિર્મળાને હિસ્ટીરિયા આવે છે. વળી કોઇક એને વળગાડ કહી વગોવતું. કોઇ એમ માનતું ન હતું કે એનો ભાવાવેશ આધ્યાત્મિક સાધનાની આંતરિક પ્રક્રિયા છે, એની પાછળ દૈવી તત્ત્વ સક્રિય છે, એ પ્રભુના પ્રાદુર્ભાવની પૂર્વાવસ્થા છે. નિર્મળાસુંદરીએ ક્યારેય પોતાના ભાવાવેશ વિષે સ્પષ્ટતા કરી ન હતી. એ તો સદા મૌન જ સેવતી હતી. એની મનઃસ્થિતિ, આંતરિક અવસ્થા એવી હતી કે એના વિષે વાત થાય જ નહિ. જેને જે લાગવું હોય તે લાગે, જેને જે સમજવું હોય તે સમજે એવું એનું તટસ્થ વલણ હતું.



## રમણીમોહનને નોકરી મળી

ભારે શોધખોળ અને અથાક પરિશ્રમ પછી રમણીમોહનને ઢાકાના નવાબના તાબા હેઠળના અષ્ટગ્રામમાં 'સર્વે એન્ડ સેટલમેંટ' ખાતામાં નોકરી મળી. બેકારી ગઇ, બેચેની ટળી. હવે રમણીમોહનના મોં પર નૂર આવ્યું. ઘોર હતાશા અને નિરાશામાંથી બહાર આવવાની હવે એમને તક મળી. વ્યગ્રતા અને વિવશતાની મનોભૂમિમાંથી મુક્તિ મેળવી. એની સાથે જ પત્ની સાથેના સહજીવનની શરૂઆત થઇ. બેઉની વિરહાવસ્થાનો અંત આવ્યો. હવે ઘર માંડી નિર્મળા સાથે રહેવાનો સુખદ સમય રમણીમોહનને મળ્યો. પોતાનું આગવું ઘર હશે, સાથે નિર્મળા જેવી પત્ની હશે અને શાંતિથી ઘરનો રોટલો ખાવા મળશે—આ વિચારો તેમને પ્રફુલ્લિત કરવા લાગ્યા.

રમણીમોહન પોતાની નિમણુંકનો પત્ર લઇ આટપાડા આવ્યા. એ સુખદ સમાચાર સાંભળી ઘરમાં સૌ ખૂબ ખૂબ રાજી થયા. મિષ્ટાન્ન જમ્યા અને હેતપૂર્વક રમણીમોહન તથા નિર્મળાને અષ્ટગ્રામ જવા વિદાય કર્યા. સૌની શુભેચ્છાઓ અને શુભાશીર્વાદને લીધે તેમણે અષ્ટગ્રામમાં મજાનું મકાન મેળવ્યું, બધી સુવિધાઓ પ્રાપ્ત કરી અને પ્રસન્ન દાંપત્યનો પ્રારંભ કર્યો. નિર્મળા હવે ૧૭–૧૮ વર્ષની હતી. અષ્ટગ્રામમાં આ ચક્રવર્તી દંપતી ૧૯૧૯માં આવ્યું. ત્યાં શારદાશંકર સેન નામના એક સજ્જનના ઘરમાં એ લોકો ભાડે રહેવાં લાગ્યાં. ઘરધણી સારાં, પાડોશી સારાં અને રમણીમોહનની નોકરી પણ સારી. આ બધાએ નિર્મળાના જીવનમાં નવા અધ્યાયનો ઉમેરો કર્યો. સાલસ સ્વભાવને લીધે તે સૌને અનુકૂળ થઇ જતી. સૌ સાથે સ્નેહભર્યો સંબંધ રાખતી. જોતજોતામાં એ સૌ સાથે હળીભળી ગઇ, સૌની સ્નેહભાજન બની ગઇ. ઘરધણી શારદાશંકર સેનનાં પત્નીની તો નિર્મળાએ

એટલી બધી ચાહના મેળવી લીધી હતી કે એ તેના વખાણ કરતાં ધરાતા ન હતાં. નવી વાનગીઓ આપી જતાં, ખૂટતી વસ્તુઓ મૂકી જતાં, અગવડ–સગવડમાં એ ખડેપગે ઊભાં રહેતાં. નિર્મળા પણ તેમનાં કામો કરવામાં જરાયે પાછી પાની કરતી ન હતી. સદા હસતાં, મલકાતાં એ તેમનું કામ કરતી હતી અને તેમને માતૃ–તુલ્ય માનતી હતી.

બંગાળમાં ઘરોની પાછળ તળાવ હોય છે. નાહવા–ધોવાનું, પાણી ભરવાનું, વાસણ માંજવાનું એ બધું ત્યાં જ કરવામાં આવે છે. નિર્મળા પણ નિત્ય તળાવે જતી અને પાણી ભરી લાવતી. ગામની સ્ત્રીઓ તેને ત્યાં મળતી, વાતો કરતી અને તેના વ્યક્તિત્વ તેમ જ વર્તનના ભારોભાર વખાણ કરતી. આમ એને ધીરે ધીરે ત્યાંના મહિલા–મંડળમાં વિશિષ્ટ સ્થાન મળી ગયું હતું. નિર્મળા હવે યૌવનના ઊંબરે આવીને ઊભી હતી, બાંધો મજબૂત, વાન ઊજળો અને મુખાકૃતિ કમનીય હતી. માથાના વાળ શ્યામ, ઘટ અને છેક ઢીંચણ સુધી લાંબા હતા. આ બધું પણ સૌને આકર્ષતું હતું. શારદાશંકર સેનનાં પત્ની તો નિર્મળા પર એટલા બધાં મોહી ગયાં હતાં કે એને ટગર ટગર જોયાં જ કરતાં. એક વાર શ્રીમતી સેને તળાવના ઘાટે સૌ સમક્ષ સુંદર ઉદ્‌ગાર કાઢયા. “જ્યારે ‘ખુશીર મા’ (નિર્મળાસુંદરી) તળાવના ઘાટે આવે છે ત્યારે તેના અલૌકિક સૌંદર્યથી ઘાટ દીપી ઊઠે છે.” સૌએ આ કથનને પૂરેપૂરું અનુમોદન આપ્યું. શ્રીમતી સેન નિર્મળાને લાડમાં “ખુશીર મા” કહેતાં.

એક વાર નિર્મળા લાલ કિનારીની સાડી પહેરી પાડોશીને ત્યાં જતી હતી. રસ્તામાં રમણીમોહનના એક મિત્ર ક્ષેત્રમોહન મળ્યા. નિર્મળાની સુંદરતા, સાત્ત્વિકતા અને પવિત્રતાથી એ એટલા તો



પ્રભાવિત થયા કે તરત ત્યાં જ તેમણે તેની સમક્ષ માથું નમાવી પ્રણામ કર્યા અને કહ્યું, ‘દેવી દુર્ગે! આપ આકસ્મિક રીતે નિર્મળા ‘માતા દુર્ગા’ના સ્થાને સ્થપાઇ ગઇ. નિર્મળાની બહેનપણીઓ એને ‘રાંગા દીદી’ એટલે ‘સ્વરૂપવાન બહેન’ કહેતી. આમ અષ્ટગ્રામમાં પ્રેમ અને પ્રતિષ્ઠાને લીધે એ વિધવિધ નામોથી સંબોધાવા લાગી. જો કે નિર્મળા માન–પાન, પ્રશસ્તિ–પ્રતિષ્ઠા વગેરે બધાથી પર હતી. આ બધું એને સ્પર્શતું ન હતું. ગામમાં પોતાના વિશિષ્ટ સ્થાન વિષે એ જરાયે સભાન ન હતી. એ તો સૌ સાથે સાવ સરળ, નિખાલસ અને સામાન્ય સ્ત્રીની જેમ જ વરતતી હતી. એની સરળતા અને સ્વાભાવિકતામાં જ એની સુંદરતા હતી.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

# રામકથા

( ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

રામના શબ્દો સાંભળીને હનુમાને શાંત તથા પ્રસન્ન સ્વરે કહેવા માંડયું : 'પરિચય તો તમારા જેવા પરમ પ્રતાપી, ધર્મપ્રાણ, મહાપુરુષોનો જ હોઇ શકે. મારા જેવા સામાન્ય પુરુષોનો વળી પરિચય કેવો? તમારા વિશુદ્ધ અને વિશાળ વ્યક્તિત્વની આગળ મારી કે કોઇની પણ શી વિસાત હોઇ શકે? તમે તો સૂર્ય તથા ચંદ્ર છો અને અમે સૌ તારા જેવા છીએ. તમે પ્રદીપ્ત પાવક જેવા અને અમે એના સ્ફુલિંગ સમા. તમે ફોરમવંતી ફૂલવાડી જેવા અને અમે છૂટા પડેલા ફૂલની એકાદ પાંખડી જેવા. છતાંપણ તમારા સંતોષ માટે મારે મારો પરિચય આપવો જોઇએ. મારું નામ હનુમાન છે. હું સામેના ઋષ્યમૂક પર્વત પરની ગુફામાં રહેતા સુગ્રીવનો સેવક છું અને સુગ્રીવની સેવામાં સદા તત્પર રહું છું.'

'તમે સુગ્રીવના સેવક છો?'

'હા. હું વાનરશ્રેષ્ઠ સુગ્રીવનો સખા તથા સેવક છું. સુગ્રીવને મારા પર ખૂબ જ વિશ્વાસ તથા સ્નેહ છે.'

રામે પ્રસન્ન સ્વરે કહેવા માંડયું : તો તો વિધાતાની અમારા પર કૃપા છે અને આજે એ અમને અનુકૂળ છે એમ જ કહેવું જોઇએ. અમે સુગ્રીવને મળવા માગીએ છીએ; ઋષ્યમૂક પર્વત તરફ આવવાનો અમારો એક આશય એ પણ હતો.'

'પરંતુ તમે સુગ્રીવ વિશે પહેલેથી જાણ્યું કેવી રીતે? એમની માહિતી તમને કોણે પૂરી પાડી?' હનુમાને સાશંક બનીને પૂછી નાખ્યું.

'સુગ્રીવનો પરિચય અમને તપસ્વિની શબરીએ આપ્યો. પંપા સરોવર પરના એના આશ્રમમાં અમે એના અતિથિ બનેલા. સુગ્રીવ સાથે મિત્રતા



કરવાની ભલામણ પણ અમને એણે જ કરેલી.'

શબરીનું નામ સાંભળીને હનુમાનની શંકા શમી ગઇ. એ આનંદથી ઉભરાઇને બોલી ઊઠયા : 'તપસ્વિની શબરીના દર્શન તથા સમાગમનો લાભ હું અવારનવાર મેળવ્યા કરું છું. એવી સિદ્ધાવસ્થાએ પહોંચેલી પવિત્ર, પરમાત્માપરાયણ તપસ્વિની આ પ્રદેશમાં બીજી કોઇ જ નથી. સદ્‌ગુરુની સેવા તથા સાધનાથી એ સર્વોત્તમ પદે પહોંચી ગઇ છે. એના સાન્નિધ્યમાં જે શાંતિ મળે છે એ અદ્‌ભુત હોય છે. એનું દર્શન કોઇક ભાગ્યશાળી જીવોને જ થઇ શકે છે. પંપા સરોવરનો પ્રદેશ પણ અતિશય અલૌકિક, આહ્‌લાદક અને આધ્યાત્મિક પરમાણુઓથી ભરપૂર છે. મારા મનમાં એ પ્રદેશના દર્શનની ઇચ્છા ઉત્પન્ન થઇ છે.'

'પરંતુ શબરીના દર્શનનો લાભ તમને નહિ મળી શકે. એનું શરીર શાંત થયું છે.'

'શાંત થયું? ક્યારે?'

'હમણાં જ, અમારી ઉપસ્થિતિમાં જ.'

'કેવી રીતે?'

રામે શબરીના દેહત્યાગની કથા કહી બતાવી, એટલે હનુમાને કહ્યું : 'શબરીના દેહત્યાગની હકીકત ખરેખર કરુણ અને દુઃખદ છે. આ પ્રદેશની એક સર્વોત્તમ તપસ્વિની અથવા યોગિનીની વિદાયથી આખો ય પ્રદેશ રંક બની ગયો. પરંતુ મને તો આ હકીકત સાંભળીને લાભ જ થયો. તમે પરમાત્મરૂપ છો એમાં શંકા નહિ. શબરીને એના સમર્થ ગુરુ મતંગ મુનિએ કહેલું કે, પરમાત્માના મહાન પ્રતિનિધિ બનીને એક રાજકુમાર તારા અતિથિ થશે, અને એમની સંનિધિમાં યોગની અસાધારણ શક્તિથી શરીરનો ત્યાગ કરીને તું પરમ ગતિને પ્રાપ્ત કરીશ. એ પુરુષ જીવ સ્વરૂપ નહિ હોય પરંતુ શિવસ્વરૂપ હશે. એમને ઓળખીને એમનો સારી પેઠે સત્કાર કરજે. એથી તને શાંતિ મળશે ને મોટો લાભ થશે. મતંગ મુનિની એ ભવિષ્યવાણી સાચી પડી એથી શબરીને તો લાભ થયો જ, પરંતુ મને

પણ મોટો લાભ થયો. હું તમારા વાસ્તવિક સ્વરૂપને સમજી શક્યો. તમારી કૃપા વિના તમને વધારે અથવા ઓછા પ્રમાણમાં ઓળખવાનું અશક્ય છે. તમારી એ કૃપા મારા પર થઈ માટે તો પર્વતના આ અપરિચિત પ્રદેશમાં મને તમારા દર્શનનો સૌથી પહેલો લાભ મળી શક્યો. મારા તમને ફરીવાર અને વારંવાર પ્રણામ છે!'

એમ કહીને હનુમાને ભાવવિભોર બનીને અને ગદ્ગદ્ થઈને રામ તથા લક્ષ્મણને ફરીવાર પ્રણામ કર્યા.

રામ અને લક્ષ્મણ હનુમાનના ભક્તિ ભાવને નિહાળીને મુગ્ધ થયા ને ચકિત બન્યા.

રામે કહ્યું : 'હનુમાન, આપણો આ મેળાપ આપણા જીવનમાં કાયમને કાજે જડાઈ જશે, તથા સીમાચિહ્નન સમો બની રહેશે. તમારા જેવા પ્રતાપી, સુયોગ્ય, પ્રાજ્ઞ પુરુષને મળીને મારા શોકસંતમ અંતરને શાંતિ મળી છે અને મને આનંદ થયો છે. તમારા શરીરમાં રહેનારો આત્મા સાધારણ નથી પણ અસાધારણ છે એની મને ખાતરી થઈ. તમે મને સ્નેહવશ થઈને શિવસ્વરૂપ કહી બતાવ્યો, પરંતુ તમે પોતે પણ મન, વચન ને કર્મ પરથી મંગલમય છો એમાં શંકા નથી. સુગ્રીવનો સમાગમ તો જ્યારે થશે ત્યારે ખરો, પરંતુ તમને મળીને સુગ્રીવને મળ્યા જેટલો જ આનંદ થયો અથવા સંતોષ વળ્યો.'

લક્ષ્મણે પણ રામના સૂરમાં સૂર પૂરાવતાં કહ્યું : 'તમારા જેવા સંસ્કારસંપન્ન સુયોગ્ય સત્પુરુષ આ પર્વતીય પ્રદેશમાં વાસ કરે છે એ આ પ્રદેશનું જેવું તેવું સદ્ભાગ્ય નથી લાગતું. તમારા જેવા સત્પુરુષનો પરિચય અમારા જીવનમાં આ પહેલો જ છે, અને પહેલા પરિચયે જ તમે અમારા મનને હરી લીધું છે. આપણો સ્નેહસંબંધ સદાને માટે પ્રસ્થાપિત થઈ ચૂક્યો એમ માનવામાં કોઈપણ જાતની હરકત નથી લાગતી.'

હનુમાને બે હાથ જોડીને કહ્યું : 'તમારા બંનેના મારે માટેના પ્રેમપૂર્ણ ઉદ્ગારોને માટે મારી જાતને કૃતાર્થ માનું છું. મારામાં કોઈયે પ્રકારની



વિશેષ યોગ્યતાનો અભાવ હોવા છતાં તમે મને તમારો ગણીને પ્રશંસાને પાત્ર માન્યો તે તમારી પોતાની મહાનતા છે. શ્રેષ્ઠ પુરુષો બીજાને પણ શ્રેષ્ઠતા પ્રદાન કરે છે. બીજાના રજ જેટલા ગુણને પણ મેરુ જેટલા મોટા ગણે છે. એમના સંપર્કમાં આવવાથી બીજાને પણ શ્રેષ્ઠતા તથા સન્માન મળે છે. બાકી મારામાં કોઈયે જાતનો અધિકાર નથી દેખાતો.'

એટલું બોલતાં તો હનુમાન ભાવવિભોર બની ગયા.

થોડાક વખત લગી એ રામના સુંદર સુધામય સ્વરૂપને અત્યંત નેહપૂર્વક નિહાળી રહ્યા અને બોલ્યા :

'મને આજથી સદા તમારો જ સમજી લેજો. સુગ્રીવની પેઠે હું તમને પણ મારા સ્વામી માનીશ ને તમારો સેવક બનીશ. તમને સહાય કરવા મારાથી બનતું બધું જ કરી છૂટીશ. તમને મળીને મને એટલો બધો આનંદ થાય છે કે એનું વર્ણન મારાથી નથી કરી શકાતું. એની આવશ્યકતા યે નથી લાગતી. એમ લાગે છે, કે જાણે પહેલેથી હું તમારો જ હતો, તમારી સાથે હતો, વચ્ચે કોઈ કારણે છૂટો પડી ગયેલો, અને આજે તમને મળીને પાછો તમારો બની ગયો! આ આનંદની સરખામણી બીજા કોઈયે આનંદ સાથે નથી કરી શકાતી. તમે મારો સ્વીકાર કરશો એવો વિશ્વાસ રાખું છું. હું તમને સુગ્રીવનો મેળાપ કરાવી આપીશ. એ પણ તમને મળીને પ્રસન્ન થશે ને તમને મદદરૂપ થવા બનતું બધું જ કરી છૂટશે. સુગ્રીવને પણ તમારા જેવા સખાની આવશ્યકતા છે. એ તમારું સ્નેહપૂર્વક સ્વાગત કરશે. મને એમણે જ તમારું સ્વાગત કરવા મોકલ્યો છે એમ માની લેજો. એમના તરફથી આ પ્રદેશમાં તમારું સ્વાગત કરું છું. તમે મારી સાથે પ્રસન્નતા-પૂર્વક, વિના સંકોચ ચાલ્યા આવો, હું તમને પર્વત પરની ગુફામાં લઈ જઈશ.'

## સીતાનાં સ્મૃતિચિહ્નો

ઋષ્યમૂક પર્વત પર હનુમાનની પાછળ પાછળ ચઢી રહેલા રામે લક્ષ્મણને કહ્યું : 'ઋષ્યમૂક પર્વત કેટલો બધો રળિયામણો લાગે છે?

ભાતભાતનાં વૃક્ષો તથા ફૂલો તેમ જ લતાઓ અને છોડોને લીધે લીલોછમ લાગતો આ પર્વત આંખ અને અંતર બંનેને આનંદ આપે છે. આ પાતળી પગદંડી પરથી આપણે જેમ જેમ આગળ વધીએ છીએ તેમ તેમ પંખીઓ પોતાના સુમધુર સ્વરથી આપણું સ્વાગત કરે છે.'

હનુમાને કહ્યું : 'તમારા દૈવી દર્શનથી એમના અંતરમાં ઉલ્લાસ છવાઇ જાય છે. એ ઉલ્લાસને વાચાદ્વારા વ્યક્ત કર્યા વિના એમનાથી નથી રહી શકાતું. પંખીઓ તમારા પૂર્વપરિચિત લાગે છે !'

'હનુમાને પંખીના સુધામય સ્વર પરથી કલ્પના બહુ સારી કરી.' લક્ષ્મણથી બોલ્યા વિના ના રહેવાયું : 'એમનામાં વિદ્વત્તાની સાથે રસિકતા-નું સંમિશ્રણ થયું લાગે છે. એના વિના એવા ઉદ્‌ગાર ન નીકળી શકે.'

'મારામાં વિદ્વત્તા યે નથી ને રસિકતા યે નથી જણાતી. તમારા અલૌકિક દર્શનથી જેવી દશા મારી થઇ તેવી જ દશા સૌની થતી હશે. એવા અનુમાનને લીધે આવા ઉદ્‌ગારો મારા મુખમાંથી આપોઆપ નીકળી પડે છે.'

પર્વત પરથી નીચેના વિશાળ પ્રદેશ પર નજર નાખતાં રામ કહેવા માંડયા : 'દૂર દૂર સુધી વિસ્તરેલા આ પ્રદેશની શોભાનું નિરીક્ષણ કરીને અંતર એક જાતના અવર્ણનીય આનંદથી ઊભરાઇ ઊઠે છે ને ઉછળવા માંડે છે. ઘોર અરણ્યમાં થઇને એકાંત પ્રિય યોગિની જેવી વહી જનારી પેલી સરિતા કેટલી બધી સુંદર અને આકર્ષક લાગે છે? એ અદ્‌ભુત દૃશ્યને જોઇને મન જાણે તૃપ્ત જ નથી થતું. આ પર્વત પર આટલો સ્વલ્પ સમય પસાર કરવાથી આપણને આટલો આનંદ આવે છે તો પછી હનુમાન તથા સુગ્રીવને કેટલો બધો અસીમ આનંદ મળતો હશે? એ તો આ પર્વત પર કોણ જાણે કેટલાય વખતથી નિવાસ કરે છે !'

( ક્રમશઃ )

# * લગ્નજીવન ખોટું નથી *

લગ્નજીવન ખોટું નથી. સ્ત્રીપુરુષોનો પ્રેમ ને સંબંધ પણ ખોટો નથી. તેને માયા માનીને ધિક્કારવાની જરૂર નથી. તેને વિશુદ્ધ કરવાની ને પ્રભુમય બનાવી પ્રગતિમાં મદદરૂપ કરવાની જરૂર છે. ભારતના ઋષિઓની દૃષ્ટિ એવી ઉત્તમ ને આદર્શ હતી. તેથી તો મહર્ષિ પરાશર મત્સ્યગંધા કે સત્યવતી સાથે સ્નેહસંબંધ કરીને પણ મહર્ષિ રહી શક્યા. ને વ્યાસ 'વણપરણેલીના' હોવા છતાં પૂજ્ય જ નહિ પરંતુ ચોવીસ અવતારમાંના એક થઇ શક્યા. વિશ્વામિત્રે મેનકા સાથે સંબંધ કર્યો છતાં તે તપના પ્રભાવથી બ્રહ્મર્ષિ થયા ને સપ્તર્ષિમાંના એક તરીકે મનાયા. કોઇએ તેમની નિરર્થક ટીકા કે નિન્દા ન કરી. તેમના ગુણ ને તેમની યોગ્યતા, તેમનું તપ ને જ્ઞાન જોઇને તેમને મોટા ને નાના સૌએ વંદનીય માન્યા. માણસોનાં મન કેટલાં મોટાં હશે ને તેમના દૃષ્ટિકોણ કેટલા વિશાળ તેનો વિચાર કરી શકાય તો કરી જોજો. કેમ કે આજે તો દૃષ્ટિ ને વૃત્તિ બંને ટૂંકી થઇ ગઇ છે.

એટલે વિવેક, સંયમ ને પ્રભુપરાયણતાની રક્ષા જ જીવનમાં મહત્ત્વની છે. બધે સ્થળે ને બધા વાતાવરણમાં તેને સાચવવાની કળામાં માણસે કુશળ થવાની જરૂર છે. એમાંથી આપોઆપ અનાસક્તિ આવી જશે. તે સધાય તો જીવન ધન્ય થાય, સફળ બની જાય.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * સર્વના સુખની ભાવના *

સંસારમાં માનવસમાજનું સ્થાન વિશેષ પ્રકારનું છે ને તેના હિત માટેની યોજના તથા પ્રગતિ પણ અવશ્ય આવકારદાયક છે; પરંતુ જગતમાં બીજા જીવો પણ છે, ને તેમના પોષણ ને સુખનો આધાર એકલા માનવસમાજની કાળજી ને સેવા પર છે. માનવ જો એકલપેટો બની જાય ને સંસારમાં પોતાના વિના બીજી કોઈ જાતિ છે જ નહિ એમ માનવા માંડે તો બીજા જીવોને અન્યાય થાય ને જગત કડવું બની જાય. માનવમાં બુદ્ધિ ને બળ છે, ને બધા જીવોમાં તે મુખ્ય છે, તેથી તેને માથે મોટી જવાબદારી પણ છે. બીજા જીવો તરફની પોતાની ફરજ તેણે ભૂલવાની નથી. પશુ, પંખી, પ્રાણી ને વનસ્પતિ–ટૂંકમાં કહીએ તો જગતમાં જે જે કાંઈ છે તે સૌની તરફ તેણે પ્રેમ, દયા ને સેવાભાવથી ભરપૂર રહેવાનું છે. એવી સભ્યતા જ સંસારને માટે મંગલરૂપ થઈ શકે. તેની તૈયારીરૂપે, શરૂઆતમાં, માણસે માણસ થવાની ને માનવ તરફ પ્રેમ, દયા ને સહાનુભૂતિભર્યો વ્યવહાર કરવાની જરૂર છે. માનવનું મૂલ્ય ઘણું મોટું છે એ વાતને ધ્યાનમાં રાખી માનવની હિંસા, પીડા, માનવના શોષણ ને માનવ પરના અત્યાચારમાંથી સૌએ મુક્તિ મેળવવાની છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧